# કેદમાં કાયદા

## મોરબીમાં કાયદાના અમલની
## વાટ જોતા શ્રમજીવીઓ







ભારતના સીરામીક કેપીટલમાં
સામાજિક સુરક્ષાના કાયદાઓના પાલન અંગે અભ્યાસ.



PTRC

# કેદમાં કાયદા

## મોરબીમાં કાયદાના અમલની વાટ જોતા શ્રમજીવીઓ

ભારતના સીરામીક કેપીટલમાં
સામાજિક સુરક્ષાના કાયદાઓના પાલન અંગે અભ્યાસ.

PTRC

પીપલ્સ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ સેન્ટર, વડોદરા

# અનુક્રમણીકા


| | | |
|---|---|---|
| ૧. | સંસ્થા પરિચય | ૦૧ |
| ૨. | પૂર્વ ભૂમિકા - | ૦૩ |
| | ૧. ઇએસઆઇ કાયદો | ૦૩ |
| | ૨.મોરબી જિલ્લાના કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તાર | ૦૪ |
| | ૩. પી એફ કાયદો | ૦૫ |
| | ૪. પગાર પાવતી | ૦૫ |
| | ૫. સીરામીક કામદારોના જોખમ | ૦૫ |
| ૩. | અભ્યાસની જરુર અને મહત્ત્વ | ૦૬ |
| ૪. | ઇ એસ આઇ પાસેથી આરટીઆઇ કાયદા હેઠળ મેળવેલી માહિતી | ૦૭ |
| ૫. | અભ્યાસના ક્ષેત્રનો પરિચય | ૦૯ |
| ૬. | અહેવાલનો સારાંશ | ૧૦ |
| ૭. | અભ્યાસના હેતુઓ | ૧૧ |
| ૮. | અભ્યાસનું વિશ્વ અને નમૂના પસંદગી | ૧૨ |
| ૯. | અભ્યાસની પધ્ધતી | ૧૪ |
| ૧૦. | અભ્યાસનું સાધન | ૧૫ |
| ૧૧. | માહિતીનું વિશ્લેષણ | ૧૬ |
| ૧૨. | અભ્યાસના તારણ અને નિષ્કર્ષ | ૩૮ |
| ૧૩. | તારણોને આધારે ચર્ચા | ૪૦ |
| ૧૪. | ભલામણો | ૪૧ |
| ૧૫. | પરિશીષ્ટ - ૧ | ૪૩ |
| ૧૬. | પરિશીષ્ટ - ૨ | ૪૪ |

# અભ્યાસકર્તા સંસ્થાનો પરિચય

PTRC

1992માં સ્થપાયેલી પીપલ્સ ટ્રેનીંગ એંડ રીસર્ચ સેંટર વ્યવસાયિક આરોગ્ય અને સલામતીના મુદ્દે કામ કરતી સ્વૈચ્છીક સંસ્થા છે. વ્યવસાયીક રોગો વીશે સમાજમાં જાગૃતી ફેલાવવી, તે વીશે શીક્ષણ આપવું, તે વીશે સંશોધન કરવું, રોગોના પીડિતોને શોધવા અને સામાજિક સુરક્ષા કાયદા હેઠળ તેમના કાનૂની અધિકારો મેળવવામાં મદદ કરવા જેવા કામ સંસ્થા કરે છે. સીલીકોસીસ અંગે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલ જાહેર હીતની અરજી 110/2006ના કામે નામદાર કોર્ટે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC)ને આ અંગેની ફરીયાદો સાંભળવાનો નિર્દેશ આપતો વચગાળાનો આદેશ આપતાં સંસ્થાએ 2010થી પંચ સમક્ષ ફરિયાદો દાખલ કરવાનું શરૂ કર્યું. 2010થી 2024 દરમીયાન સંસ્થાએ ખંભાત, દાહોદ, જંબુસર, છોટાઉદેપુર, મોરબી, સુરેન્દ્રનગર અને રાજકોટ જીલ્લાના સીલીકોસીસથી પીડીત 285 કામદારો અને સીલીકોસીસને કારણે મૃત્યુ પામેલા 229 કામદારોને ન્યાય અપાવવા પંચ સમક્ષ ફરીયાદો દાખલ કરી. ગુજરાત રાજ્યએ સીલીકોસીસને કારણે મૃત્યુ પામેલા કામદારોના કુટુંબીજનોને માટે નાણાંકીય સહાય આપવા માટેની યોજના બનાવી. 2019થી પીટીઆરસીએ સુરેન્દ્રનગર, મોરબી અને રાજકોટ જિલ્લામાં સીલીકોસીસના દર્દીઓ શોધવા અને તેમને સામાજિક ન્યાય મેળવવા માટે તેમની સાથે કામ કરવાનું શરૂ કર્યું. જ્યારે કેટલાક કામદારોએ સારવારમાં મદદ કરવા માટે સંસ્થાનો સંપર્ક કર્યો ત્યારે સંસ્થાએ આ અભ્યાસ કરવાનો નીર્ણય કર્યો.

# પૂર્વભૂમિકા

## 1. ઈએસઆઈ કાયદો :-

કારાવિ કાયદો, ૧૯૪૮ ઉત્પાદન અને અન્ય કેટલાક ક્ષેત્રોમાં કામદારોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટેના મહત્વપૂર્ણ કાયદાઓમાંનો એક છે. આ કાયદો સૂચિત ભૌગોલિક વિસ્તારોમાં લાગુ પડે છે. નવા ભૌગોલિક વિસ્તારોમાં તેની સેવાઓનો વિસ્તાર કરવા માટે, રાજ્ય સરકાર દ્વારા કારાવિ નીગમ સાથે પરામર્શ કરીને કાયદા હેઠળ જાહેરનામું પ્રકાશિત કરવામાં આવે છે. રાજ્ય સરકાર નક્કી કરે છે કે તે કયા ક્ષેત્રોમાં કાયદાનો વિસ્તાર કરવા માંગે છે. કેટલાક રાજ્યોમાં ખાનગી આરોગ્ય સંભાળ પ્રદાતાઓ અને ખાનગી શાળાના કામદારોને પણ આવરી લેવામાં આવે છે જ્યારે ગુજરાત સહીત કેટલાક રાજ્યોમાં ઉત્પાદન ક્ષેત્ર સિવાય; સિનેમા, અખબારો અને દુકાનના કામદારોને પણ આવરી લેવામાં આવે છે. આ કાયદો ૧૦ કે તેથી વધુ કામદારોને રોજગારી આપતા એકમોને લાગુ પડે છે. જે એકમોમાં તે લાગુ પડે છે, ત્યાં રૂ. ૨૧૦૦૦/- સુધીનું વેતન મેળવતા કામદારોને આવરી લેવામાં આવે છે. કામદારો અને નોકરીદાતાઓ બંને વીમાના પ્રીમિયમ પેટે ફાળો આપે છે. કામદારો તેમના વેતનના ૧% ફાળો આપે છે જ્યારે નોકરીદાતાઓ વેતન બિલના ૩% ફાળો આપે છે.

કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત ક્ષેત્રો માટે તે ફરજિયાત હોવા છતાં, ઘણા નોકરીદાતાઓ બધા કાર્યરત કામદારોને આવરી લેતા નથી પરંતુ થોડા પસંદ કરેલા કામદારોને આવરી લે છે.

**આ કાયદામાં કામદારોને નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે:**

(૯) "કર્મચારી" એટલે એવી કોઈપણ વ્યક્તિ જે ફેક્ટરીમાં વેતન માટે નિયુક્ત કરવામાં આવે છે તેને આ કાયદો લાગુ પડે છે અને

(i) જે મુખ્ય નોકરીદાતા દ્વારા ફેક્ટરી અથવાએકમના કોઈપણ કાર્ય પર, અથવા આકસ્મિક અથવા પ્રારંભિક અથવા તેના કાર્ય સાથે સંકળાયેલ હોય, પછી ભલે તે કાર્ય ફેક્ટરી અથવા એકમમાં અથવા અન્યત્ર કર્મચારી દ્વારા કરવામાં આવ્યું હોય; અથવા

(ii) જે ફેક્ટરી અથવા એકમના પરિસરમાં અથવા મુખ્ય નોકરીદાતા અથવા તેના એજન્ટની દેખરેખ હેઠળ તાત્કાલિક નોકરીદાતા દ્વારા અથવા તેના દ્વારા એવા કાર્ય પર નિયુક્ત કરવામાં આવે છે જે સામાન્ય રીતે ફેક્ટરી અથવા સ્થાપનાના કાર્યનો ભાગ હોય અથવા જે ફેક્ટરી અથવા સ્થાપનામાં કરવામાં આવતા અથવા તેના હેતુ માટે આકસ્મિક હોય; અથવા

(iii) જેમની સેવાઓ મુખ્ય નોકરીદાતાને અથવા તેના દ્વારા રખાયેલા કોંટ્રાક્ટરને કામચલાઉ ધોરણે આપવામાં આવે છે.

[અને ફેક્ટરી અથવા તેના કોઈપણ ભાગ, વિભાગ અથવા શાખાના વહીવટ સાથે અથવા ફેક્ટરી માટે કાચા માલની ખરીદી, અથવા ઉત્પાદનોના વિતરણ અથવા વેચાણ સાથે સંકળાયેલ કોઈપણ કાર્ય પર વેતન માટે કાર્યરત કોઈપણ વ્યક્તિનો સમાવેશ થાય છે [અથવા એપ્રેન્ટિસ એક્ટ, ૧૯૬૧ હેઠળ અથવા એકમના સ્થાયી આદેશો હેઠળ રોકાયેલ એપ્રેન્ટિસ ન હોય તેવા, એપ્રેન્ટિસ તરીકે રોકાયેલ કોઈપણ વ્યક્તિનો સમાવેશ થાય છે; પરંતુ તેમાં શામેલ નથી-

(a) [ભારતીય] નૌકા, લશ્કરી અથવા વાયુસેનાના કોઈપણ સભ્ય; અથવા [(ખ) એવી કોઈ પણ વ્યક્તિ કે જેના વેતન (ઓવરટાઇમ કામ માટે મહેનતાણું સિવાય) કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત વેતન કરતાં વધુ હોય]:

**આ કાયદામાં ફેક્ટરીની વ્યાખ્યા નીચે મુજબ છે:**

(૧૨) "ફેક્ટરી" એટલે એવી કોઈપણ જગ્યા જેમાં તેનો વિસ્તાર પણ શામેલ છે જ્યાં દસ કે તેથી વધુ વ્યક્તિઓ કાર્યરત છે અથવા પાછલા બાર મહિનાના કોઈપણ દિવસે કાર્યરત હતા, અને જેના કોઈપણ ભાગમાં ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે અથવા સામાન્ય રીતે કરવામાં આવી રહી છે, પરંતુ તેમાં ખાણ અધિનિયમ, ૧૯૫૨ના સંચાલનને આધીન ખાણ અથવા રેલ્વે રનિંગ શેડનો સમાવેશ થતો નથી.

આ વ્યાખ્યાઓ વાંચતા, મોરબીના ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં બધા કામદારો કાયદા હેઠળ આવરી લેવા માટે લાયક છે.

**એકમ માલિકો તેમના કામદારોને ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવા માટે જવાબદાર છે:**

અહીં સીરામીક એકમમાં મોટાભાગના કામદારો કોન્ટ્રાક્ટ વર્કર તરીકે, પીસ રેટ વર્કર તરીકે કામ કરે છે. જો એમ્પ્લોયર કોન્ટ્રાક્ટર હોય, તો કોન્ટ્રાક્ટરે ઈએસઆઈ કાયદા હેઠળ નોંધણી કરાવી કોડ મેળવવો જોઈએ અને પછી પોતાના કામદારોના નોંધણી ફોર્મ ભરવા જોઈએ. જો કે, એકમ માલિક, મુખ્ય નોકરીદાતા હોવાથી, કોન્ટ્રાક્ટર હેઠળ કામ કરતા કામદારોને સામાજીક સુરક્ષાના લાભ મળતા હોય તે જોવાની જવાબદારી ધરાવે છે. કોન્ટ્રાક્ટ લેબર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ શ્રમ વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટરને લાઇસન્સ આપવામાં આવે છે અને મુખ્ય નોકરીદાતાએ લાઇસંસ ધરાવતા કોંટ્રાકટરને જ કોંટ્રાક્ટ અપાય તે જોવાની પણ જવાબદારી છે. આ કાયદો કોન્ટ્રાક્ટર દ્વારા બારમાસી કામ કરવાની મંજૂરી આપતો નથી, જોકે ૧૯૯૦થી રાજ્યએ કોન્ટ્રાક્ટરોને નિયમિત ઉત્પાદન કાર્યમાં મંજૂરી આપવા માટે પોતાની આંખો બંધ કરી દીધી છે.

## 2. ગુજરાત રાજ્યમાં કલમ 1 (3) હેઠળ ઇએસઆઇ કાયદાનો અમલ / વિસ્તરણ - મોરબી જિલ્લાના કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તાર નીચે મુજબ છે.

- મોરબી જીલ્લામાં
  - મોરબી નગરપાલિકાની મ્યુનિસિપલ હદ
  - મોરબી તાલુકાના ભડિયાદ અને ત્રાજપર ગામ
  - મહેન્દ્રનગર તાલુકાના મહેસૂલ અને પંચાયત હદમાં આવેલા વિસ્તારો, મોરબી
  - નાની વાવડી, ઘુંટુ, લાલપર, ધરમપુર, લખધીરપુર, પંચાસર, ધુનડા, લીલાપર, જોધપર, ટીંબડી, પીપળી, રાજપર, શનાળા (શકટ) ગામો, તાલુકા મોરબી
  - મોરબીની મ્યુનિસિપલ હદમાં રવાપર અને માધાપરના વિસ્તારો.
  - જીઆઈડીસી રફાળેશ્વર સહિત રફાળેશ્વરનો વિસ્તાર, જાંબુડીયા ગ્રામ પંચાયત, તાલુકા મોરબી.
- વાંકાનેર તાલુકામાં
  - વાંકાનેર નગરપાલિકાની હદમાં આવતા વિસ્તારો
  - હસનપુર, તા. વાંકાનેર, જિ. રાજકોટ

## 3. પ્રોવિડન્ટ ફંડ એક્ટ ( Provident Fund Act ) :-

પ્રોવિડન્ટ ફંડ એક મહત્વપૂર્ણ સામાજિક સુરક્ષા કાયદો છે. આ કાયદો 20 કે તેથી વધુ કામદારોને રોજગારી આપતા એકમોને લાગુ પડે છે. ખાનગી ક્ષેત્રના કામદારો માટે વયને કારણે નિવૃત્તિ લીધા પછી પેન્શનની કોઈ જોગવાઈ નથી. તેમના માટે પીએફ એક્ટ હેઠળ તેમને તેમના વેતનમાંથી પીએફ ફંડમાં ફાળો આપેલ કુલ રકમના આધારે પેન્શન ચૂકવવાની જોગવાઈ છે.

## 4. પગાર પાવતી :-

કોન્ટ્રાક્ટ લેબર (રેગ્યુલેશન અને એબોલિશન) એક્ટ, 1970ની ક.૭૮(૧)(બી) મુજબ દરેક કોન્ટ્રાક્ટર, જ્યાં વેતનનો સમય ગાળો એક અઠવાડીયા કે તેથી વધુ હોય, ત્યાં વેતન વિતરણના ઓછામાં ઓછા એક દિવસ પહેલાં, કામદારોને ફોર્મ-XIV માં પગાર પાવતી જારી કરશે.

લઘુત્તમ વેતન (કેન્દ્રીય) નિયમો, ૧૯૫૦ની કલમ ૨૬(૨)ની જોગવાઈ મુજબ દરેક નોકરીદાતા દ્વારા કાર્યરત દરેક વ્યક્તિને વેતન વિતરણના ઓછામાં ઓછા એક દિવસ પહેલાં, કામદારોને ફોર્મ-XI માં પગાર પાવતી જારી કરશે.

પગાર પાવતીમાં નોકરીદાતાનું નામ, સરનામું અને સંપર્ક વિગતો તેમજ કમાયેલ વેતન દર્શાવવામાં આવશે. પગાર કેટલા દીવસનો છે તે દર્શાવવામાં આવશે. ચૂકવેલ ઓવરટાઇમ વેતન અલગથી બતાવશે. તેમાં પગાર સાથે અને પગાર વિનાની રજાઓની સંખ્યા બતાવશે. તેમાં ઈએસઆઈ યોગદાન અને પીએફ યોગદાન જેવી કાનૂની કપાત પણ બતાવશે. તે લોનના હપ્તાઓની કપાત પણ બતાવશે, અને (જો કોઈ હોય તો) દંડ પણ બતાવશે. રોજગાર અંગેનો તે મહત્વપૂર્ણ પુરાવો છે.

## 5. સીરામીક કામદારોના જોખમો :-

સીરામીક કામદારોને અનેક જોખમોનો સામનો કરવો પડે છે જે તેમને રોગના વધુ જોખમમાં મૂકે છે. સીરામીક કામદારો સીલીકોસીસ, ટ્યુબરક્યુલોસિસ (ટીબી) અને સીસાની ઝેરી અસરનો ભોગ બને છે એ હકીકત સો વર્ષ કરતાં વધુ સમયથી દસ્તાવેજોમાં રજૂ થઇ છે. જો કે હવે બદલાયેલ ટેકનોલોજીમાં સીસાનો ઉપયોગ ઘટ્યો હશે તેમ જણાય છે.

સીરામીક ઉત્પાદનોમાં ૫૦% સુધીનો ભાગ સીલીકા હોય છે અને આ જોખમનો સંપર્ક સમગ્ર ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન થાય છે. આ ઉદ્યોગમાં માટીની હેરફેરને કારણે કામદારો  સીલીકાની ધૂળના નોંધપાત્ર સ્તરના સંપર્કમાં આવે છે. યુનાઇટેડ સ્ટેટ્સ, જાપાન, કોરિયા, ટ્યુનિશિયા અને મેક્સિકોમાં હાથ ધરવામાં આવેલા અભ્યાસોએ દર્શાવ્યું છે કે સીરામીક કામદારોના લોહીમાં સીસાનું સ્તર નોંધપાત્ર પ્રમાણમાં ઊંચું હોય છે. આ ઉદ્યોગમાં સીસાના સંપર્કમાં સ્પ્રે પેઇન્ટિંગ, ગ્લેઝિંગ અને ભઠ્ઠાના કામદારોમાં જોવા મળ્યું હતું. અલબત્ત આ અભ્યાસો જુના છે.

સીરામીક કામદારો શ્વસનક્ષમ સીલીકા ધૂળના ઉચ્ચ સ્તરના સંપર્કમાં આવે છે. તાઇવાનના એક અભ્યાસમાં સીરામીક ફેક્ટરી કામદારોમાં હવામાં શ્વસનક્ષમ સીલીકાનું સ્તર ૧૭૬૩.૩ μg/m3 સુધી હોવાનું જાણવા મળ્યું છે (લિયાઓ સીએમ, વિ. ૨૦૧૫). યુ.એસ.ના બીજા એક અભ્યાસમાં ગ્લેઝ સ્પ્રેયર ધરાવતા સીરામીક ફેક્ટરી કામદારોમાં ભૌમિતિક સરેરાશ શ્વસનક્ષમ સીલીકાનો સંપર્ક ૧૩૦થી ૨૨૦ μg/m3 સુધીનું હોવાનું જાણવા મળ્યું છે (કૂપર વિ. ૧૯૯૩). તેનાથી વિપરીત, વર્તમાન યુ.એસ. પરવાનગીપાત્ર સંપર્ક મર્યાદા ૫૦ μg/m3 છે.

# અભ્યાસની જરૂર અને મહત્વ

છેલ્લા ૩ વર્ષથી પીટીઆરસી મોરબીમાં સીલીકોસીસ અંગે જાગૃતિ, સીલીકોસીસ દર્દી શોધવા અને સીલીકોસીસથી પીડીત કામદારને વળતર મળે, તેમના પરીવાર મૂળભૂત જરૂરીયાતોથી વંચિત ન રહે તે માટે સતત પ્રયાસરત છે.

૩ વર્ષની કામગીરીમાં મળેલા સીલીકોસીસ પીડીત કામદારોમાં ઘણા ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં કામ કરતા હતા અને તેઓનો પગાર રૂ.૨૧૦૦૦/-થી ઓછો હતો પરંતુ કાયદાના અમલીકરણના અભાવે તેઓ ઈએસઆઈ કાયદા હેઠળના લાભ મેળવી શકતા ન હતા. વળી, રોજગારના પુરતા પૂરાવાને અભાવે કામદાર વળતર ધારા હેઠળ પણ વળતર દાવો કરી શકતા ન હતા.

તેથી સામાજીક સુરક્ષાના કાયદાના અમલીકરણ અંગે અભ્યાસ કરવાનો નીર્ણય સંસ્થાએ લીધો.

# ઇ એસ આઇ પાસેથી આરટીઆઇ કાયદા હેઠળ મેળવેલી માહિતી

અભ્યાસકર્તાએ કરેલ RTI અરજીના ઈએસઆઈસી મોરબી, વાંકાનેર અને અમદાવાદ ઓફિસમાંથી આવેલ જવાબઃ

I. ૨૦૧૯ની એક આરટીઆઈના જવાબમાં જણાવાયું કે કારાવિ કાયદા મુજબ મોરબી લોક્લ ઓફિસમાં ૫,૦૧૯ કામદારો નોંધાયેલા છે.

II. ૨૪/૦૮/૨૦૨૩ના રોજ કરેલ આરટીઆઈના જવાબમાં અમને જણાવવામાં આવ્યું કે તારીખ ૦૯/૧૦/૨૦૨૩ સુધી ૫૫૪ એકમ મોરબી ખાતે નોંધાયેલા છે. તેમાં કામ કરતા કામદારોની સંખ્યા તેમની પાસે ન હતી તેવું અમને જણાવાયું.

III. તારીખ ૦૨/૦૯/૨૦૨૪ના રોજ કરેલ આરટીઆઈમાં ૫ મુદાઓ હતા. જેમાંથી મુદા નં. ૧ અને ૨ ના જવાબ માટે અરજીને કારાવિ નીગમ, અમદાવાદને તબદીલ કરવામાં આવી. ૩૦ દિવસ સુધી કોઈ જવાબ ન આવતાં તારીખ ૧૧/૧૦/૨૦૨૪ના રોજ પ્રથમ અપીલ કરી. મુદા નં. ૨માં મોરબી જિલ્લામાં આવેલ જે એકમોમાં ઈએસઆઈ કાપવામાં આવતું હોય તે એકમોની યાદી અને છેલ્લી આર.સી ની નકલ અમે માંગી હતી તે "સ્પષ્ટ નથી" કહીને જાહેર માહીતી અધીકારીએ જવાબ ન આપ્યો. અપીલ અધીકારીએ અભ્યાસકર્તાને એવો જવાબ આપ્યો કે તા.૧૦/૧૦/૨૦૨૫ના રોજ જવાબ આપી દીધેલ છે.

IV. કારાવિ નીગમની મોરબી લોકલ ઓફિસ તરફથી મુદા નંબર ૩ અને ૪નો જવાબ નીચે મુજબ મળ્યોઃ

- જાન્યુઆરી-૨૦૨૩ થી ઓગષ્ટ,૨૪ દરમીયાન અકસ્માત માટે હંગામી અપંગતા લાભ ૮ વિમા કામદારોને ચુકવ્યો.
- જાન્યુઆરી-૨૦૨૩ થી ઓગષ્ટ,૨૪ દરમીયાન અકસ્માત માટે કાયમી અપંગતા લાભ ૧૭૦ વિમા કામદારોને ચુકવ્યો
- જાન્યુઆરી-૨૦૨૩ થી ઓગષ્ટ,૨૪ દરમીયાન વ્યવસાયીક રોગો માટે હંગામી અપંગતા લાભ ૦ વિમા કામદારોને ચુકવ્યો
- જાન્યુઆરી-૨૦૨૩ થી ઓગષ્ટ,૨૪ દરમીયાન વ્યવસાયીક રોગો માટે કાયમી અપંગતા લાભ ૦ વિમા કામદારોને ચુકવ્યો.

V. કારાવિ નીગમની વાંકાનેર લોકલ ઓફિસ દ્વારા મુદા નંબર ૩ અને ૪નો જવાબ નીચે મુજબ મળ્યોઃ

- જાન્યુઆરી-૨૦૨૩ થી ઓગષ્ટ-૨૦૨૪ દરમીયાન અકસ્માત માટે હંગામી અપંગતા લાભ ૨ વિમા કામદારોને ચુકવ્યો.
- જાન્યુઆરી-૨૦૨૩ થી ઓગષ્ટ-૨૦૨૪ દરમીયાન અકસ્માત માટે કાયમી અપંગતા લાભ ૧૨૧ વિમા કામદારોને ચુકવ્યો.
- જાન્યુઆરી-૨૦૨૩ થી ઓગષ્ટ-૨૦૨૪ દરમીયાન વ્યવસાયીક રોગો માટે હંગામી અપંગતા લાભ ૦ વિમા કામદારોને ચુકવ્યો.
- જાન્યુઆરી,૨૩થી ઓગષ્ટ-૨૦૨૪ દરમીયાન વ્યવસાયીક રોગો માટે કાયમી અપંગતા લાભ ૨ વિમા કામદારોને ચુકવ્યો.

થાન ઔદ્યોગિક વિસ્તારને ઇએસઆઇ કાયદો લાગુ પડે છે પણ ત્યાં લોકલ ઓફીસ નથી. થાનના કામદારોને વાંકાનેર લોક્લ ઓફીસ સાથે જોડવામાં આવ્યા છે. આનો અર્થ એ થયો કે થાનના કોઇ બે કામદારોને જાન્યુઆરી ૨૩થી ઓગષ્ટ ૨૪ સુધીના સમયગાળામાં સીલીકોસીસ માટે કાયમી અપંગતા લાભ એટલે કે વળતર મળેલ છે પણ મોરબીમાં સીલીકોસીસ માટે કોઇને લાભ મળેલ નથી.

VI. અભ્યાસકર્તાએ તારીખ ૨૨/૦૨/૨૦૨૫ના રોજ આરટીઆઈ કરેલ જેમાં મુદા નં ૧ થી ૩ના જવાબમાં માહીતી બલ્કમાં હોવાથી નિરીક્ષણ માટે ગમે ત્યારે આવવા કહ્યું.

મુદા નં ૧ થી ૩ માં અભ્યાસ્કર્તાએ મોરબી જિલ્લામાં ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેતા એકમોની યાદી તેમજ તેમની છેલ્લી રીટર્ન ઓફ કોંટ્રીબ્યુશન (આરસી)ની નકલ માંગી હતી તથા મોરબી જિલ્લા પૈકી કોઈ એકમ પર ઈએસઆઈ કાયદાની જોગવાઈના ઉલલંઘન માટે કોઈ કાનુની કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની માહીતી માંગી હતી. એકમો કામદારના પગારમાંથી ઇએસઆઇનો જે ફાળો કાપે અને કોર્પોરેશનમાં જમા કરાવે તેની ૬ મહીનાની વિગત – નામ, ઇએસઆઇ નંબર, કાપેલ રકમ વિગેરેની વિગત આરસીમાં ભરવાની હોય છે.

૦૪/૦૩/૨૦૨૫ના રોજ અભ્યાસકર્તાની આરટીઆઈના મુદા નં. ૬ના જવાબમાં એમ્પલોયર મસ્ટર રજીસ્ટર મુજબ મોરબી જિલ્લામાં ૨૬૪ એકમો નોંધાયેલા છે તેવી માહિતી અપાઇ. અગાઉ જણાવાયું હતું કે તારીખ ૦૯/૧૦/૨૦૨૩ સુધી ૫૫૪ એકમ મોરબી ખાતે નોંધાયેલા છે. તો શું ૨૩ થી ૨૫ના ગાળામાં ૨૯૦ એકમો બંધ થઇ ગયા?

મુદા નં ૧થી ૩ના નિરીક્ષણ માટે તા.૨૮/૦૩/૨૦૨૫ના રોજ અભ્યાસકર્તા રુબરુ ગયા હતા ત્યારે એમને મોરબી જિલ્લામાં ઈએસઆઈ કાયદા હેઠળ નોંધાયેલા એકમોની યાદી આપવામાં આવી જે મુજબ જીલ્લામાં ૬૨૮ એકમો નોંશાયેલા હતા.

૨૦૧૯ માં ૫૦૧૯ કામદાર મોરબી લોકલ ઓફિસ પાસે ઈએસઆઈ કાયદા હેઠળ નોંધાયેલ હતા. તેના બાદ શું ૨૦૨૩ માં કામદારોની સંખ્યા તેમની પાસે નહીં હોય?

VII. મોરબી કારાવિ યોજનાના દવાખાનેથી આર ટી આઇના મળેલ જવાબ

| વર્ષ | ૨૦૧૭ | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ |
|---|---|---|---|---|---|---|---|
| નવા નોંધાયેલા કામદારની સંખ્યા | ૧૩૧ | ૧૯૬ | ૧૯૬ | ૧૨૭ | ૧૦૯૦ | ૯૨ | ૫૪ |
| વર્ષ | ૨૦૧૭ | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ |
| માસીક સરેરાશ ઓપીડી | ૧૦૬૫ | ૧૧૫૨ | ૧૦૨૮ | ૮૬૨ | ૧૦૯૦ | ૮૨૬ | ૪૫૦ |

૨૦૨૩ના જવાબ મુજબ દવાખાનામાં ૪ ડૉક્ટરની જગ્યા છે પણ બધી જગ્યા ખાલી છે.

ઉપરના આંકડા જોતાં સમજાય છે કે વિમા દવાખાનામાં ૨૦૧૭થી ૨૦૨૦ સુધી સરેરાશ ૧૬૨ કામદારો નવા નોંધાય છે પણ ૨૦૨૧માં તે સંખ્યામાં એકાએક દસ ગણો વધારો થઇ જાય છે. એક જ વર્ષમાં ૧૦૯૦ નવા કામદાર નોંધાય છે. તે પછીના બે વર્ષમાં તે સંખ્યા સતત ઘટતી ચાલી દેખાય છે અને ૨૦૨૩માં તો માત્ર ૫૪ નવા કામદાર નોંધાય છે. જો કે આથી એવી કોઇ માહિતી મળતી નથી કે આ દવાખાનામાં કુલ કેટલા નોંધાયેલા કામદાર છે.

દવાખાનામાં સારવાર માટે આવતા કામદારોની સંખ્યા પણ ઘટતી ચાલી છે. માસીક સરેરાશ ઓપીડી જે ૨૦૧૭માં ૧૦૬૫ હતી તે ઘટતી ઘટતી ૨૦૨૩માં અડધાથી ઓછી થઇ ૪૫૦ થઇ ગઇ છે. આવું શાથી થયું? આ આનંદની વાત એ રીતે ગણાય કે વિમા કામદારો અને તેમના કુટુંબીજનોનું આરોગ્ય એટલું સુધરી ગયું કે તેમને દવાખાને જવાની જરુર જ પડતી નથી! એ આંકડાને એ રીતે પણ જોવાય કે દવાખાનામાં સેવા જ એટલી નબળી છે કે વિમા કામદારો ત્યાં સારવાર લેવા જવાનું પસંદ કરતા નથી. પણ સત્ય શું તે કેમ ખબર પડે? શું કામદાર વિમા યોજનાના નિયામકની કચેરીને આ આંકડાનું સત્ય શોધવાની જરુર લાગી હશે? આ આંકડા તો અત્યંત ચીંતાજનક છે. કામદારોના વેતનમાંથી સેવા આપવા ફાળો લઇ લેવાનો અને સારી ગુણવત્તાની સેવા પુરી પાડવાનું વચન નિભાવવાનું નહિ તે નબળા વહિવટ (ગવર્નંસ; Governance)ની નીશાની છે. કામદારોની નાગરિક સમિતીએ આવા કામ ઉપાડી લેવા જોઇએ.

એ નોંધવું જોઈએ કે મોરબીમાં સીરામીક એકમોના કામદારો યુનિયનમાં જોડાયેલા નથી. જો તેઓ સંગઠિત હોત તો યુનિયનો સામૂહિક સોદાબાજી, સામાજિક સુરક્ષા હેઠળ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તાર અને અન્ય શ્રમ કાયદાઓના ઉલ્લંઘન દ્વારા વેતનની સમસ્યાઓનું નિરાકરણ લાવ્યા હોત.

**આભાર**

આ અભ્યાસમાં જોડાનાર તમામ ૨૦૦૦ ઉત્તરદાતાઓ, અભ્યાસ્ના કામે જોડાનાર તમામ સ્વયંસેવકો તેમજ અભ્યાસમાં જોડાનાર સંસ્થાના સ્ટાફનો સંસ્થા આભાર માને છે. આવેલ માહિતીની ડેટા એંટ્રી કરનાર સ્વયંસેવકનો આભાર. માહિતી વીશ્લેષણનું કામ શ્રી ચીરાગ ચાવડાએ કર્યું છે. આ અહેવાલ શ્રી ચીરાગ ચાવડા અને જગદીશ પટેલે તૈયાર કર્યો છે. અહેવાલનો મુસદ્દો જોઇ કિમતી સૂચનો કરવા બદલ ડૉ. આનંદી પટેલના અમે આભારી છીએ.

# અભ્યાસના ક્ષેત્રનો પરિચય

## મોરબી - ભારતનું સીરામીક કેપીટલ :-

મોરબી જિલ્લો વિશ્વમાં પોતાના સીરામીક ઉધ્યોગ માટે જાણીતો છે.

સમગ્ર ભારતનું ૯૦% સીરામીક ઉત્પાદન ફક્ત મોરબી કરે છે. મોરબીમાં અંદાજિત ૧૫૦૦થી વધારે સીરામીક એકમ આવેલ છે. ૪ લાખથી વધુ કામદારોને રોજગાર પુરી પાડે છે. સીરામીક ઉધ્યોગમાં સીલીકાના અતિ ઝીણા કણોના સંપર્કમાં આવનાર કામદારને સીલીકોસીસ જેવી જીવલેણ બીમારીનું જોખમ રહે છે. ઉપરાંત આવા કામદારોને ટીબી થવાની સંભાવના સામાન્ય લોકો કરતાં ૪ ગણી વધુ થઈ જાય છે.

આ કામદારો સાથે કામ કરતી વખતે સંસ્થાને જાણ થઇ કે આ વિસ્તાર ઇએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલો હોવા છતાં, ઘણા કામદારોને આ કાયદા હેઠળ આવરી લેવામાં આવતા નથી. તેમના વેતનમાંથી ઇએસઆઈનો ફાળો કાપવામાં આવતો નથી. સંસ્થાને એવા કામદારો પણ મળ્યા જેઓ સીલીકોસીસની બિમારીને કારણે શ્રમ બજારમાંથી બહાર ધકેલાઇ ગયા હતા. શ્વાસ લેવામાં તકલીફ અને અન્ય આરોગ્ય ફરિયાદોને કારણે તેઓ કામ કરવાની સ્થીતીમાં રહેતા નથી અને તેમને અકાળ નિવૃત્તિ લેવાની ફરજ પડે છે. આવી સ્થિતિમાં તેમને થતા સારવારના ખર્ચને પહોંચી વળવા અથવા તેમના ફેફસાંને થયેલા નુકસાન માટે વળતર માટે કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. આ કામદારો સામાજિક સુરક્ષાના અધિકારથી વંચિત રહીને કોઈપણ સ્ત્રોતમાંથી કોઈ પરોપકારી મદદની રાહ જુએ છે.

અભ્યાસકર્તાના ધ્યાનમાં મોરબીમાં એવા કામદારો છે જેમને સીલીકોસીસ છે અને જેઓ ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારના એવા એકમમાં કામ કરતા હતા જ્યાં ૧૦થી વધુ કામદારો કામ કરતા હોય અને ઈએસઆઈ કાયદાના પગાર ધોરણની મર્યાદામાં કામ કરતા હોવાને કારણે ઈએસઆઈ કાયદાનો લાભ લેવાને પાત્ર હોવા છતાં તેમને ઇએસઆઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવતા નથી.

મોરબીમાં મોટાભાગના કામદારોને દિવસ દીઠ નહીં પણ નંગદીઠ પગાર મળે છે અને ઘણા નોકરીદાતાઓ કામદારોને તેમના કર્મચારી માનતા નથી કારણ કે તેઓ કોઈ કોન્ટ્રાક્ટર દ્વારા નોકરીમાં રાખવામાં આવતા હોવાનું માનવામાં આવે છે પણ આ એવા કહેવાતા કોંટ્રાકટર છે જેમણે કોન્ટ્રાક્ટ લેબર (રેગ્યુલેશન અને એબોલિશન) એક્ટ, ૧૯૭૦ હેઠળ લાઇસન્સ લીધું કે મેળવ્યું ન હોય. તેઓ ગમે તેટલા કલાક કામ કરે, તેમને કોઈ ઓવરટાઇમ ચૂકવવાનો રહેતો નથી. કામદારો તેમના ખર્ચે ગમે તેટલી રજાઓ માણી શકે છે! સત્તાવાર રીતે કોઈ સાપ્તાહિક રજા આપવામાં આવતી નથી. રસપ્રદ વાત એ છે કે, કેટલાક કામદારોએ સંશોધકને જાણ કરી કે તેઓ પોતે માલીક પાસે કામ રાખે છે અને તે કામ પુરું કરવા તેઓ પોતે અને પોતાના કુટુંબી ઉપરાંત એક કે વધુ હેલ્પર રાખે છે અને હેલ્પરને માલિક દ્વારા નહીં પણ તેમના દ્વારા વેતન ચૂકવવામાં આવે છે! તેથી, આ એક જટિલ પરિસ્થિતિ છે.

# અહેવાલનો સારાંશ

પીપલ્સ ટ્રેનીંગ એંડ રીસર્ચ સેંટર (પીટીઆરસી) દ્વારા મોરબી જિલ્લાના ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં આવેલા એકમોમાં કામ કરતા કામદારોને સદર કાયદા હેઠળ આવરી લેવાયા છે કે કેમ તે સમજવા અભ્યાસ હાથ ધર્યો. ભારતમાં કામદાર રાજ્ય વિમા (કારાવિ) કાયદો અને પ્રોવીડંટ ફંડ કાયદો બે મહત્વપૂર્ણ સામાજીક સુરક્ષાના કાયદા છે. સદર અભ્યાસનો હેતુ એ તપાસવાનો હતો કે ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં આવેલા એકમોમાં કામ કરતા કામદારો આ કાયદાઓ હેઠળ લાભ લેવાને પાત્ર છે કે નહીં અને તેઓને આ કાયદાઓ હેઠળ આવરી લેવામાં આવ્યા છે કે નહીં. સદર અભ્યાસમાં એ જાણવા મળ્યું કે આ અભ્યાસમાં ભાગ લેનારા તમામ ૨૦૦૦ ઉત્તરદાતાઓ આ કાયદાઓ હેઠળ લાભ લેવાને પાત્ર છે. આ અભ્યાસમાં ભાગ લેનારા કામદારો પૈકી ૭.૩૫% ઉત્તરદાતાઓ કારાવિ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને ૮.૧૦% પીએફ અધિનિયમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. કાનૂની જોગવાઇ મુજબ ૧૦.૧૦% ઉત્તરદાતાઓને પગાર પાવતી આપવામાં છે. જો કે કામદારને એ પણ ખબર હોતી નથી કે પગાર પાવતી કોને કહેવાય. એક કામદારે તો તેના કામનો હીસાબ રાખતા કાર્ડને પગાર પાવતી ગણાવી હતી! વળી, કેટલાકે પગાર લખેલી ચીઠ્ઠી બતાવી પણ તેમાં કંપનીનું નામ કે સહી-સીક્કા કશું ન મળે. ૮૯.૯૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમને કાયદેસર પગાર પાવતી આપવામાં આવતી નથી. સ્થાનીક કામદારોને મુકાબલે સ્થળાંતરીત શ્રમજીવીઓનું શોષણ વધુ થતું હોવાનું જોવા મળે છે. અહીં કુલ ૨૦૦૦ ઉત્તરદાતા પૈકી ૧૧૨૧ (૫૬.૦૫%) સ્થળાંતરીત શ્રમજીવી હતા છે. જેમાંથી ફક્ત ૪૦ (સ્થળાંતરીત કામદારોના ૩.૫૫% અને કુલ ઉત્તરદાતાના ૨%) ઉત્તરદાતાઓનો ઈએસઆઈનો ફાળો પગારમાંથી કાપવામાં આવે છે. અન્ય ૮૭૯ (૪૩.૯૫%) ઉત્તરદાતાઓ ગુજરાતના સ્થાનીક હતા તે પૈકી ૧૦૭ (સ્થાનીક કામદારોના ૧૨.૧૭% અને કુલ ઉત્તરદાતાના ૫.૩૫%) ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો પગારમાંથી કાપવામાં આવે છે.એવું જ મહિલા કામદારોનું શોષણ પુરુષ કામદારોને મુકાબલે વધુ થતું જોવા મળે છે. સમાન કામ, સમાન વેતન કાયદાનું પાલન થતું નથી.

૨૦૦૦ ઉત્તરદાતાઓ પૈકી ૧૭૨૯ (૮૬.૪૫%) ઉત્તરદાતાઓ સીરામીક એકમોના કામદાર હતા, ૨૭૧ (૧૩.૫૫%) ઉત્તરદાતાઓ સીરામીક સિવાયના ઉત્પાદન તેમજ સેવા ક્ષેત્રના હતા. ૨૦૦૦ ઉત્તરદાતાઓ પૈકી ૬૩ (૩.૧૫%) એ ટીબીની સારવાર લીધી છે તેમાંથી ૬૨ ઉત્તરદાતાઓ સીરામીક એકમોના કામદાર હતા.

# અભ્યાસના હેતુઓ

આ અભ્યાસનો હેતુઓ નીચે મુજબનો હતો. -

- કામદાર રાજ્ય વિમા કાયદાના અમલીકરણનો અભ્યાસ.
- પ્રોવીડંટ ફંડ કાયદાના અમલીકરણનો અભ્યાસ.
- કામદારોને પગાર પાવતી અપાય છે કે કેમ તેનો અભ્યાસ
- માંદગી અને રોગોની પેટર્નનો અભ્યાસ.
- સ્થળાંતરીત કામદારોની પરિસ્થિતીનો અભ્યાસ.

# અભ્યાસનું વિશ્વ અને નમૂના પસંદગી

## યુનિવર્સ :

આ અભ્યાસ માટેનું વિશ્વ - મોરબીમાં ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં આવેલા ૧૦થી વધુ કામદારોને કામે રાખતા સીરામીક એકમો, કોલસાનો સંગ્રહ કરી તેને ભાંગીને વેચવાનું કામ કરતા એકમો, પેકેજિંગ એકમો, અને મિનરલ્સના એકમો, મોલ, અને હોસ્પીટલ (સરકારી હોસ્પીટલમાં કોંટ્રાકટ હેઠળના કામદારો) કાર્યરત બધા કામદારો - હતું. અંદાજિત ૧,૦૦,૦૦૦ કામદારો અમારા માટે યુનિવર્સ હતા જેમાંથી અમારે નમૂના પસંદ કરવાના હતા. પુરુષ અને સ્ત્રી કામદારો સહિત ૨૦૦૦ નમૂનાનું કદ નક્કી કરવામાં આવ્યું.

## નમૂના પસંદગી :-

અભ્યાસના વિશ્વમાં આવેલા કામદારો પૈકી માહિતી આધારીત સંમતી આપવા તૈયાર હોય તેવા કામદારોની યદેચ્છ પસંદગી કરવામાં આવી. તેમની સાથે અભ્યાસના હેતૂઓની વાત કરી, ઇ એસ આઇ કાયદો શું છે તેની સમજ આપી, તે અંગે ખાસ પ્રગટ કરેલી પત્રીકા આપી લેખીત સંમતી મેળવવામાં આવી. નીચેના ટેબલ પરથી જોઈ શકાય છે કે ૨૦૦૦ ઉત્તરદાતાઓ મોરબી અને વાંકાનેરના ૨૯૦ એકમોનું પ્રતિનિધિત્વ કરે છે.

**ટેબલ નંબર - 1**

| ઉત્તરદાતાઓની સંખ્યા | યુનિટ્સની સંખ્યા | કુલ |
|---|---|---|
| ૧ | ૮૪ | ૮૪ |
| ૨ | ૪૯ | ૯૮ |
| ૩ | ૧૮ | ૫૪ |
| ૪ | ૨૫ | ૧૦૦ |
| ૫ | ૨૦ | ૧૦૦ |
| ૬ | ૧૩ | ૭૮ |
| ૭ | ૧૦ | ૭૦ |
| ૮ | ૮ | ૬૪ |
| ૯ | ૧૦ | ૯૦ |
| ૧૦ | ૬ | ૬૦ |
| ૧૧ | ૪ | ૪૪ |

| ઉત્તરદાતાઓની સંખ્યા | યુનિટ્સની સંખ્યા | કુલ |
|---|---|---|
| ૧૨ | ૧ | ૧૨ |
| ૧૩ | ૩ | ૩૯ |
| ૧૪ | ૩ | ૪૨ |
| ૧૫ | ૩ | ૪૫ |
| ૧૬ | ૨ | ૩૨ |
| ૧૭ | ૪ | ૬૮ |
| ૧૮ | ૧ | ૧૮ |
| ૧૯ | ૧ | ૧૯ |
| ૨૦ | ૧ | ૨૦ |
| ૨૧ | ૨ | ૪૨ |
| ૨૩ | ૩ | ૬૯ |
| ૨૫ | ૧ | ૨૫ |
| ૨૬ | ૩ | ૭૮ |
| ૨૭ | ૧ | ૨૭ |
| ૨૮ | ૧ | ૨૮ |
| ૨૯ | ૧ | ૨૯ |
| ૩૦ | ૧ | ૩૦ |
| ૩૨ | ૧ | ૩૨ |
| ૩૯ | ૧ | ૩૯ |
| ૪૧ | ૧ | ૪૧ |
| ૪૨ | ૨ | ૮૪ |
| ૪૩ | ૧ | ૪૩ |
| ૪૫ | ૧ | ૪૫ |
| ૪૬ | ૧ | ૪૬ |
| ૪૮ | ૧ | ૪૮ |
| ૬૧ | ૧ | ૬૧ |
| ૯૬ | ૧ | ૯૬ |
| કુલ | ૨૯૦ | ૨૦૦૦ |

ઉપરના ટેબલમાં ઉત્તરદાતાઓનો ફેલાવો અને એકમ દીઠ ઘનતા કે કેંન્દ્રીકરણ દર્શાવે છે. જુદા  જુદા એકમોમાં ઉત્તરદાતાની ઘનતા ૧થી લઈને ૯૬ સુધી વિસ્તરે છે. ૮૪ એકમોમાંથી ૧ ઉત્તરદાતા અને ૪૯ એકમોમાંથી ૨ ઉત્તરદાતાઓએ ભાગ લીધો.

# અભ્યાસની પધ્ધતિ

અભ્યાસ માટે એક સાદી પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી અને ફીલ્ડ ટેસ્ટીંગ બાદ તેને આખરી રુપ આપવામાં આવ્યું (જુઓ પરિશિષ્ટ - ૧). સાથે જ માહિતી આધારીત લેખીત સંમતી મેળવવા માટે સહમતી પત્રક તૈયાર કર્યું હતું. (જુઓ પરિશિષ્ટ - ૨). ઇ.એસ.આઇ કાયદા વિશે માહિતી આપતી પત્રીકા ગુજરાતીમાં તૈયાર કરવામાં આવી અને મોરબીમાં સ્થળાંતરીત હિંદીભાષી કામદારોની બહુસંખ્યાને ધ્યાનમાં રાખી હિંદીમાં પણ પત્રીકા છપાવી. મોટાભાગના કામદારો ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાનું મહત્વ સંપૂર્ણપણે સમજી શકતા નથી. અમે દરેક સહભાગીને કાયદાના ફાયદા અને તેની કલમો અગાઉથી સમજાવી. પીટીઆરસીએ તેમને તેમના દ્વારા અપાતી માહિતીની ગોપનીયતાની પણ ખાતરી આપી.

# અભ્યાસનું સાધન



PEOPLES TRAINING & RESEARCH CENTRE

43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA - 390 007

તમારા પગારમાંથી ઇ.એસ.આઇ.નો ફાળો કપાય છે ?

સંસ્થાના કાર્યકરને વીના વીલંબ સંપર્ક કરો.



PEOPLES TRAINING & RESEARCH CENTRE

43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA -390 007

Telefax -0265 - 2345576, Email : ptrcvdr@yahoo.co.in, Website : www.peoplestraining.org

क्या ईएसआई योगदान आपके वेतन से काटा जाता है?

यह कानून मालिक और श्रमिक दोनों के लिए बहुत ही लाभकारी कानून है।

हमारा संपर्क करें । संपर्क नंबर - 7227011609 / 8160144116

પીટીઆરસીએ ઇન્ટરવ્યૂ ટૂલ સરળ અને ટૂંકું રાખ્યું. સર્વેક્ષણ કરતી વખતે, અભ્યાસકર્તા માટે એ નક્કી કરવું જરૂરી હતું કે કારાવિ કાયદો જે તે એકમ તેમજ જે તે વ્યક્તિગત ઉત્તરદાતાને લાગુ પડે છે કે નહીં. આ ચકાસવા માટે, એ જાણવાની જરૂર હતી કે એકમ સૂચિત ભૌગોલિક વિસ્તારમાં સ્થિત છે કે નહીં, એકમ ૧૦થી વધુ કામદારોને રોજગારી આપે છે કે કેમ અને વ્યક્તિગત ઉત્તરદાતા રૂ.૨૧,૦૦૦/- કે તેથી ઓછું વેતન મેળવે છે કે કેમ. તેથી, એકમના સ્થાન, સામાન્ય રીતે એકમમાં કામ કરતા કામદારોની સંખ્યા અને ઉત્તરદાતાને આપવામાં આવતા વેતનને લગતા પ્રશ્નોનો ટૂલમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

અભ્યાસકર્તા ઇચ્છતા હતા કે કોલેજના વિધાર્થીઓને પ્રશ્નાવલી ભરવા માટે તૈયાર કરીએ. તે માટે મોરબીની સરકારી કોલેજમાં નોટીસ બોર્ડ પર તે અંગે જાહેરાત મુકી હતી. નક્કી કરેલ સમયમર્યાદામાં અમને કોઈ વિધાર્થી તરફથી દરખાસ્ત મળી નહી. અમારી પાસે ઉપલબ્ધ ૧ સ્ટાફ દ્વારા મોરબીમાં રહેતા સીરામીકમાં કોન્ટ્રાક્ટ રાખતા ૨૦થી વધુ કોન્ટ્રાક્ટરની મુલાકાત કરી જેમાંથી ફક્ત ૨ કોન્ટ્રાકર આ કામ માટે મદદ કરવા તૈયાર થયા. મોરબીમાં કાર્યરત એક સ્વૈચ્છીક સંસ્થાના કર્મચારી પોતાની અંગત ક્ષમતામાં સર્વેની કામગીરીમાં મદદ કરવા તૈયાર થયા. સીલીકોસીસ પીડીત અને સીરામીકમાં કામ કરતા કામદારની ટીમ બનાવી કુલ ૧૪ વ્યક્તિઓ દ્વારા ૨૦૦૦ કામદારોના ઇએસઆઈ સર્વેનું કામ શરૂ કર્યું. અમે ફેબ્રુઆરી, ૨૦૨૫ની શરૂઆતમાં કામદારોને મળવાનું શરૂ કર્યું. સર્વે પૂર્ણ કરવામાં અમને ૪ મહિનાનો સમય લાગ્યો. તે પછી પ્રશ્નાવલી માટે જરૂરી માહીતી લેવામાં આવતી. ૨૦૦૦ ઉત્તરદાતાઓ આ અભ્યાસમાં સ્વેચ્છાએ જોડાય તે માટે અમે તેમને પ્રેરીત કરવામાં સફળ રહ્યા.

સર્વે માટે કામદારોની મુલાકાત ક્યાં કરવી તે સવાલ હતો. સ્થાનીક કામદારો તો ગામમાં રહેતા હોય તેમને તેમના ઘરે જઇ મળી શકાય. પણ સ્થળાંતરીત કામદારો તો કારખાના સંકુલમાં જ ચાલીમાં રહેતા હોય, તેમને એકમમાં અંદર જઇ મળવાનું શક્ય ન બને. તેથી તેમને કારખાનાની બહાર જ તેઓ પોતાના અંગત કામે આવતા હોય ત્યારે મળીને માહીતી લેવી પડે. ડેટા સંગ્રહ પછી, ડેટા એમએસ એક્સેલ શીટમાં ફીડ કરવામાં આવ્યો અને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

# માહિતીનું વિશ્લેષણ

### 1. લિંગ :-

૨૦૦૦ ઉત્તરદાતાઓમાં ૧૭૭૬ (૮૮.૮%) પુરુષ અને ૨૨૪ (૧૧.૨%) મહિલા કામદારો હતા.

**ટેબલ નંબર - 2**

| Sex | No Of Respondents | Percentage |
|---|---|---|
| Male | 1776 | 89% |
| Female | 224 | 11% |
| Total | 2000 | 100% |



## 2. ઉંમર :-

### ટેબલ નંબર - 3 ઉત્તરદાતાઓની ઉંમર

| Age Group | Male | Female | Total |
|---|---|---|---|
| Below-18 | 0 | 0 | 0 |
| 19-25 | 491 | 77 | 568 |
| 26-30 | 533 | 52 | 585 |
| 31-40 | 510 | 55 | 565 |
| 41-50 | 192 | 36 | 228 |
| 51-60 | 44 | 4 | 48 |
| >60 | 6 | 0 | 6 |
| Total | 1776 | 224 | 2000 |

મોટાભાગના ઉત્તરદાતા ૧૮-૩૦ વર્ષની વય જૂથમાં હતા. ૨૦૦૦ માંથી ૧,૧૫૩ ૩૦ વર્ષ કે તેથી ઓછી ઉંમરના હતા. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના કોઈ ન હતા તે એક સારો સંકેત છે. પરંતુ કુલ ૧૭ ઉત્તરદાતા ૧૮ વર્ષના હતા જેમાં ૧૪ પુરુષ અને ૩ મહીલાઓ હતી. સૌથી વધુ ૫૮૫ ઉત્તરદાતાઓ ૨૬-૩૦ વર્ષની વય જૂથમાં હતા અને ૬૦ વર્ષથી વધુ ઉંમર જૂથમાં માત્ર ૬ ઉત્તરદાતા હતા અને એ તમામ પુરુષ હતા.



## 3. ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તાર :-

સમગ્ર મોરબી જીલ્લો ઇએસઆઇ કાયદા હેઠળ હજુ આવરી લેવાયો નથી. ઉત્તરદાતા ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારમાં આવેલ એકમમાં જ કામ કરતા હોય તે જાણવું અભ્યાસકર્તા માટે જરૂરી હતું. ઉપર પૂર્વભૂમિકા વિભાગમાં પાન ૪ પર મોરબી જીલ્લામાં આ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોની યાદી જોઇ શકાશે.

## 4. ઇએસઆઇ ફાળો કપાતો હોય તેવા ઉત્તરદાતા :-

### ટેબલ નંબર - 4 ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારના એકમોમાં કામ કરતા ઉત્તરદાતાઓ

| Category | Male | Female | Total | Percetage % |
|---|---|---|---|---|
| Covered under ESI Act | 93 | 54 | 147 | 7.35% |
| NOT covered under ESI Act | 1683 | 170 | 1853 | 92.65% |
| Total | 1776 | 224 | 2000 | 100% |




| | Covered under ESI Act | NOT covered under ESI Act | Total |
|---|---|---|---|
| Male | 93 | 1683 | 1776 |
| Female | 54 | 170 | 224 |
| Total | 147 | 1853 | 2000 |

૨૭ (૯.૩૧%) એકમોના ૧૪૭ (૭.૩૫%) ઉત્તરદાતાઓએ કહ્યું કે ઈએસઆઈ ફાળો તેમના વેતનમાંથી કાપવામાં આવે છે.

૨૬૩ (૯૦.૬૮%) એકમોના ૧૮૫૩ (૯૨.૬૫%) ઉત્તરદાતાઓએ કહ્યું કે ફાળો તેમના વેતનમાંથી કાપવામાં આવતો નથી.

૧૮૫૩ ઉતરદાતાઓમાં, ૧૬૮૩ (૯૦.૮૩%; અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાના ૮૪.૧૫%) પુરુષ અને ૧૭૦ (૦૯.૧૭%; અભ્યાસ હેઠળના કુલ ઉત્તરદાતાના ૮.૫%) મહિલા છે. એ ૧૮થી ૬૦+ વર્ષની વય જૂથમાં છે. તેઓ ૨૦૦૫થી ૨૦૨૫ સુધી એટલે કે ૬ મહીનાથી લઇ ૨૦ વર્ષથી જે તે એકમમાં કામ કરી રહ્યા છે.

જે ૨૬૩ (૯૦.૬૮%) એકમોમાં ફાળો કાપવામાં આવતો નથી તેમાં સીરામીક સેકટરના ૨૨૨, ઉત્પાદન સેકટરના ૩૭ અને સર્વીસ સેક્ટરના ૪ એકમોનો સમાવેશ થાય છે.

## ટેબલ નંબર - 4 (A) ઈએસઆઈ કાયદાનું અમલના ન કરતાં એકમોમાં કામદારની સંખ્યા

| એકમમાં કામદારોની સંખ્યા | સર્વીસ સેકટર | અન્ય ઉત્પાદન સેકટર | સીરામીક સેકટર |
|---|---|---|---|
| 50 કે તેથી ઓછી | 0 | 0 | 0 |
| 11 થી 50 | 3 | 15 | 10 |
| 51 થી 100 | 0 | 2 | 26 |
| 101 થી 150 | 1 | 15 | 31 |
| 151 થી 200 | 0 | 1 | 70 |
| 201 થી 300 | 0 | 4 | 37 |
| 301 થી 400 | 0 | 0 | 23 |
| 401 થી 500 | 0 | 0 | 9 |
| 501 થી 700 | 0 | 0 | 9 |
| 701 થી 1000 | 0 | 0 | 5 |
| 1000 થી વધુ | 0 | 0 | 2 |
| TOTAL | 4 | 37 | 222 |

## ટેબલ નંબર - 4 (B) ઈએસઆઈ કાયદાને આંશિક રીતે લાગુ કરતા એકમોમાં કામદારની સંખ્યા

| એકમમાં કામદારોની સંખ્યા | સર્વીસ સેકટર | ઉત્પાદન સેકટર | સીરામીક એકમ |
|---|---|---|---|
| 50 કે તેથી ઓછી | 0 | 1 | 0 |
| 51 થી 100 | 1 | 0 | 0 |
| 151 થી 200 | 1 | 0 | 0 |
| 201 થી 300 | 0 | 0 | 4 |
| 301 થી 400 | 0 | 0 | 6 |
| 401 થી 500 | 0 | 0 | 4 |
| 501 થી 700 | 0 | 0 | 6 |
| 701 થી 1000 | 0 | 0 | 3 |
| 1000 થી વધુ | 0 | 0 | 1 |
| TOTAL | 2 | 1 | 24 |

આમ આ અભ્યાસમાં ઇ એસ આઇ કાયદાનો આંશીક અમલ કરતા ૨૭ એકમોમાં સીરામીક સેકટરના ૨૪, ઉત્પાદન સેકટરના ૧ અને સર્વીસ સેક્ટરના ૨ એકમોનો સમાવેશ થાય છે. આ ૨૭ પૈકીના મોટાભાગના - ૨૪ એકમ - ૨૦૧થી ૧૦૦૦ જેટલા કામદારોને કામે રાખે છે એટલે કે મોટા એકમ છે.

અભ્યાસમાં ભાગ લેનારા કુલ ૨૦૦૦ ઉત્તરદાતાઓ પૈકી ૧૭૭૬ પુરુષ ઉત્તરદાતાઓ છે જેમાંથી માત્ર ૯૩ (૫.૨૪%) અને કુલ ૨૨૪ મહિલા ઉત્તરદાતાઓમાંથી ૫૪ (૨૪.૧%) ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. પુરુષોમાં માત્ર ૫.૨૪% અને મહિલાઓમાં ૨૪.૧% છે જે ફરક નોંધપાત્ર છે અને એવા તારણ તરફ લઇ જઇ શકે કે માલીકો મહિલા કામદારો તરફ વધૂ કુણું વલણ ધરાવે છે પણ તે તારણ ગેરમાર્ગે દોરનારું છે. આ અભ્યાસમાં જોડાયેલી મહિલાઓ પૈકી ૨૭.૧૧% સર્વીસ ક્ષેત્રમાં કામ કરનારી છે. આ અભ્યાસમાં સર્વીસ ક્ષેત્રના કુલ ૧૧૫ ઉત્તરદાતા છે જેમાં ૫૩% મહિલાઓ છે. સર્વીસ ક્ષેત્રમાં સામાજીક સુરક્ષાના કાયદાઓનો અમલ અન્ય બે ક્ષેત્રની સરખામણીએ વધુ સારો થતો હોવાનું આ અભ્યાસમાં જોવા મળે છે.

જે ૧૪૭ ઉત્તરદાતાઓનો ઇ એસ આઇ ફાળો તેમના વેતનમાંથી કાપવામાં આવે છે તેઓ ૮૦૦૦ કે તેથી વધુ અને અને ૨૧,૦૦૦ રૂપિયા સુધીનું વેતન મેળવે છે. ૬ (૪%) ઉત્તરદાતાઓ ૧૦ હજારથી ઓછું કમાય છે. ૯૦ (૬૧.૨૨%) ઉત્તરદાતાઓ ૧૦ હજારથી વધુ અને ૧૫ હજાર રૂપિયાથી ઓછું કમાય છે. બાકીના ૫૧ (૩૪.૬૯%) ઉત્તરદાતાઓ ૧૫૦૦૦ રૂપિયાથી કે તેથી વધુ અને ૨૧,૦૦૦ કે તેથી ઓછા રૂપિયા કમાય છે.

## 5. ઈએસઆઈ કાયદાનો અમલ કરતા એકમો :-

અભ્યાસકર્તાને ઈએસઆઈ કાયદાનો અમલ કરતા કુલ ૨૯૦માંથી ફક્ત ૨૭ એકમો મળ્યા છે. આ ૨૭માંથી ફક્ત ૨ એકમ સિવાયના ૨૫ એકમ આ બંને (ઈએસઆઈ અને પીએફ) કાયદાનો અમલ કરતા જોવા મળ્યા છે. ૧૪૭ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો તેમના વેતનમાંથી કાપવામાં આવે છે. ૨૭ એકમના આ ૧૪૫ ઉત્તરદાતાઓ સામાન્ય છે જેઓ બંને કાયદાનો લાભ મેળવતા હોવાનો દાવો કરે છે. પીએફ કાયદાનો લાભ મેળવતા ૧૬૨ ઉત્તરદાતાઓમાંથી ૧૭ ઉત્તરદાતાઓને ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા નથી. બીજી બાજુ ૧૪૭ ઉત્તરદાતાઓને ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા છે, પણ ૨ ઉત્તરદાતાઓને પીએફ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા નથી.

### ટેબલ નંબર - 5 જે એકમોમાંથી ઈએસઆઈ ફાળો કાપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| Units partially implementing ESI Act | 27 | 9.31% |
| Units NOT implementing ESI Act | 263 | 90.69% |
| Total | 290 | 100% |




## 6. શું પીએફ ફાળો વેતનમાંથી કાપવામાં આવે છે ?

અભ્યાસકર્તાને ફક્ત ૩૭ એકમ પીએફ કાયદાનો આંશિક રીતે પાલન કરતા જોવા મળ્યા છે. અભ્યાસકર્તાને ૧૬૨ ઉત્તરદાતાઓ મળ્યા છે કે જેમણે માહિતી આપી કે પીએફ ફાળો તેમના વેતનમાંથી કાપવામાં આવે છે. ૯૧.૯% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે પીએફ ફાળો તેમના વેતનમાંથી કાપવામાં આવતો નથી.

પીએફ કાયદાનો લાભ મેળવતા ૧૬૨ ઉત્તરદાતાઓમાંથી ૧૭ ઉત્તરદાતાઓને ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવતા નથી. જ્યારે ૧૪૭ જે ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવે છે, તે પૈકી ૨ ઉત્તરદાતાઓને પીએફ કાયદા હેઠળ આવરી લેવામાં આવતા નથી.

જે એકમ પી એક કાયદાનો લાભ આપે છે પણ ઇ એસ આઇ કાયદાનો લાભ આપવા માગતું નથી તે પાછળ શું ગણીત કે શો તર્ક હશે તે તો એ એકમ જ સમજાવી શકે. ઉત્પાદકોના સંઘો તેમને સામાજીક સુરક્ષાના બંને કાયદાનું પાલન કરવા પ્રેરીત કરી શકે.

### ટેબલ નંબર - 6 એકમમાં પીએફ કાયદાનું અમલીકરણ

| | | |
|---|---|---|
| Units partially implementing PF Act | 37 | 12.76% |
| Units NOT implementing PF Act | 253 | 84.24% |
| Total | 290 | 100% |




## ટેબલ નંબર – 7 પીએફ કાયદા મુજબ અમલીકરણ

| Category | *Male* | *Female* | *Total* |
|---|---|---|---|
| Covered under PF Act | 107 | 55 | 162 |
| Not covered under PF Act | 1669 | 169 | 1838 |




## ટેબલ નંબર - 8 પી એફ તેમજ ઇએસઆઇ બંને કાયદાઓનો અમલ કરતા એકમો

કુલ ૩૭ એકમો એવા છે કે તેમાં પીએફ કાયદો આંશિક રીતે લાગુ છે. પરંતુ તે ૩૭ પૈકી ૧૫ એકમોમાં ઈએસઆઈ અને પીએફ કાયદાનું કેવું અમલીકરણ કરવામાં આવે છે તે નીચેના ટેબલ પરથી જોઈ શકાય છે. એકમના સાચા નામ છુપાવવા સાંકેતીક નામ આપેલ છે.

| NO | Name of the unit | Total no of respondents in this study | Numbers of respondents covered under ESI Act | Numbers of respondents not covered under ESI Act | Numbers of respondents covered under PF Act | Numbers of respondents not covered under PF Act | Remarks |
|---|---|---|---|---|---|---|---|
| 1 | A | 96 | 94 | 2 | 94 | 2 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 2 | B | 7 | 6 | 1 | 7 | 0 | એક ઉત્તરદાતાને ઇએસઆઇનો લાભ નથી મળતો |
| 3 | C | 42 | 7 | 35 | 7 | 35 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 4 | D | 41 | 1 | 40 | 5 | 36 | ફક્ત ૧ કામદારને ઇએસઆઇ અને પીએફ એમ બંને કાયદાના લાભ મળે છે પને પીએફનો લાભ મળે છે |
| 5 | E | 43 | 4 | 39 | 4 | 39 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 6 | F | 15 | 3 | 12 | 3 | 12 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 7 | G | 17 | 3 | 14 | 3 | 14 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 8 | H | 12 | 0 | 12 | 3 | 9 | ઇએસઆઇ હેઠળ એક પણ ઉત્તરદાતાને આવરી લેવામાં આવ્યા નથી પણ ૩ ઉત્તરદાતાને પીએફ કાયદામાં આવરી લેવામાં આવ્યા છે |
| 9 | I | 13 | 2 | 11 | 2 | 11 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 10 | J | 7 | 2 | 5 | 2 | 5 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 11 | K | 14 | 2 | 12 | 2 | 12 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 12 | L | 10 | 2 | 8 | 2 | 8 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 13 | M | 8 | 2 | 6 | 2 | 6 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 14 | N | 23 | 2 | 21 | 2 | 21 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| 15 | O | 29 | 2 | 27 | 2 | 27 | બંને કાયદામાં આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાઓ સમાન છે |
| | | 377 | 132 | 245 | 140 | 237 | |

B એકમમાં ૧૫૦થી વધુ કામદારો કામ કરે છે અને તે પૈકી ૭ ઉત્તરદાતાઓ આ અભ્યાસમાં સહભાગી થયા જેમાંથી ૬ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો કાપવામાં આવે છે. ૧ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો કાપવામાં આવતો નથી. માહિતી અધીકાર કાયદા હેઠળ મળેલ

માહિતી મુજબ અગાઉ આ એકમ પર ઈએસઆઇનો ફાળો પગારમાંથી કાપીને તે રકમ ઇ એસ આઇ કોર્પોરેશનમાં જમા ન કરવા અંગે કાનુની કાર્યવાહી થયેલ છે. આ એકમે જુલાઇ - ૨૦૧૫થી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ઈએસઆઈ ફાળો જમા કરાવ્યો ન હતો.

D એકમમાંથી ૪૧ ઉત્તરદાતા આ અભ્યાસમાં સહભાગી થયા જેમાં ફક્ત ૧ ઉત્તરદાતાને ઈએસઆઈ અને ૫ ઉત્તરદાતાને પીએફનો લાભ મળે છે. તે અંગે વધુ તપાસ કરતાં એ માટે કોઈ ચોક્કસ કારણ બહાર ન આવ્યું કે આ એકમ એક જ કામદારને શા માટે ઈએસઆઈ અને પીએફ એમ બંને કાયદાનો લાભ આપે છે અને બીજા તમામને બાકાત રાખે છે. જે ઉત્તરદાતાને બંને કાયદાનો લાભ મળે છે તે બડભાગી સ્થળાંતરીત કામદાર છે તે પણ નવાઇની વાત છે.

## 7. કાયદાના અમલમાં ભેદભાવ :-

એકમો તેમના કામદારો સાથે કાયદાના અમલમાં ભેદભાવ કરતા હોય તેવું લાગે છે. ઉપરોક્ત ટેબલમાં જોયું છે કે ૧૪૭ ઉત્તરદાતાઓ ૨૭ અલગ અલગ એકમોમાં કામ કરે છે. તેમના વેતનમાંથી ઈએસઆઈ ફાળો કે યોગદાન કાપવામાં આવે છે. નીચેના ટેબલમાં તેમના કામદારો સાથેના આ એકમોના વર્તનને જોઈશું.

### ટેબલ નંબર - 8 (A)

| *Name of the unit* | *Nos. of workers they generally employ* | *No. of respondents saying ESI is not deducted from their wages* | *No. of respondents saying ESI is deducted from their wages* | *Total no. of respondents in this study* |
|---|---|---|---|---|
| *A* | 51-100 | 2 | 94 | 96 |
| *B* | 201-300 | 1 | 6 | 7 |
| *C* | 11-50 | 0 | 1 | 1 |
| *D* | 401-500 | 1 | 1 | 2 |
| *E* | 401-500 | 39 | 4 | 43 |
| *F* | 500-700 | 40 | 1 | 41 |
| *G* | 301-400 | 11 | 2 | 13 |
| *H* | 701-1000 | 12 | 3 | 15 |
| *I* | 500-700 | 5 | 2 | 7 |
| *J* | 301-400 | 14 | 3 | 17 |
| *K* | 151-200 | 24 | 1 | 25 |
| *L* | 401-500 | 12 | 2 | 14 |
| *M* | 401-500 | 1 | 1 | 2 |
| *N* | 201-300 | 0 | 1 | 1 |
| *O* | 500-700 | 8 | 2 | 10 |
| *P* | 500-700 | 3 | 1 | 4 |
| *Q* | 500-700 | 6 | 2 | 8 |

| | | | | |
|---|---|---|---|---|
| *R* | 301-400 | 41 | 1 | 42 |
| *S* | 301-400 | 1 | 1 | 2 |
| *T* | >1000 | 3 | 1 | 4 |
| *U* | 500-700 | 4 | 1 | 5 |
| *V* | 701-1000 | 21 | 2 | 23 |
| *W* | 701-1000 | 27 | 2 | 29 |
| *X* | 201-300 | 9 | 3 | 12 |
| *Y* | 301-400 | 35 | 7 | 42 |
| *Z* | 201-300 | 5 | 1 | 6 |
| *A1* | 301-400 | 1 | 1 | 2 |

ઈએસઆઈ કાયદા હેઠળ કોને ઈએસઆઈ કાયદાનો લાભ આપવો, કોને પીએફ કાયદાનો લાભ આપવો અને કોને બાકાત રાખવા તે અંગે એકમોએ પોતાના અલગ માપદંડો બનાવ્યા હશે. એકમ C અને N પ્રશંસાપાત્ર છે. ઓછામાં ઓછું ઓછું આ અભ્યાસમાં, તેમના કામદારો સાથે આ બે એકમો ભેદભાવ કરતા દેખાતા નથી. બાકીના ૨૫ એકમ, નાના હોય કે મોટા, તેમના કામદારો સાથે ભેદભાવ કરી રહ્યા છે. કામદારોમાં વ્યાપક માન્યતા છે કે જે કાયમી કામદારો છે તેમને જ સામાજીક સુરક્ષા માટેના કાયદાઓનો લાભ મળશે.

## ૪. સીરામીક ઉત્પાદન, સીરામીક સીવાયના ઉત્પાદન એકમો અને સેવા ક્ષેત્ર (સર્વીસ સેક્ટર)માં આ કાયદાઓનો અમલ :-

૨૦૦૦ ઉત્તરદાતાઓ ૨૯૦ એકમોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાંથી ૨૪૬ એકમ સીરામીકનું ઉત્પાદન કરનારા છે, ૩૮ અન્ય ઉત્પાદન એકમો છે અને ૬ સેવા ક્ષેત્રના એકમ છે (હોસ્પીટલ, મોલ વીગેરે)

### ટેબલ નંબર – ૭

| Category | UNIT | % |
|---|---|---|
| Other Production sector | 38 | 13.10% |
| Service sector | 06 | 02.07% |
| Ceramic production | 246 | 84.83% |
| Total | 290 | 100% |




## ટેબલ નંબર – 10

| Category | Male | Female | Total Respondents |
|---|---|---|---|
| Other Production sector | 119 | 37 | 156 |
| Service sector | 54 | 61 | 115 |
| Ceramic Sector | 1603 | 126 | 1729 |
| Total | 1776 | 224 | 2000 |

કુલ ૨૦૦૦ ઉત્તરદાતાઓ અભ્યાસમાં સહભાગી બન્યા જે અલગ અલગ ૨૯૦ એકમોમાંથી આવે છે. ૨૦૦૦ ઉત્તરદાતા પૈકી ૧૫૬ (૭.૮%) (૧૧૯ પુરુષ અને ૩૭ મહિલાઓ) સીરામીક સીવાયના ઉત્પાદન એકમોમાં કામ કરનારા, સર્વીસ સેક્ટરમાં કામ કરનારા ૧૧૫ (૫.૭૫%) (૫૪ પુરુષ અને ૬૧ મહીલાઓ) ઉત્તરદાતાઓ અને ૧,૭૨૯ (૮૬.૪૫%) (૧૬૦૩ પુરુષ અને ૧૨૬ મહીલાઓ) ઉત્તરદાતાઓ સીરામીક ઉત્પાદન એકમોમાં કામ કરનારા છે.

## ટેબલ નંબર - 11 ઈએસઆઈ, પીએફ અને ટીબીના સેકટર દીઠ આંકડા

| Category | Covered under ESI Act | NOT COVERED UNDER ESI ACT | Covered under PF ACT | NOT Covered under PF ACT | TB | NON TB |
|---|---|---|---|---|---|---|
| Other Production sector | 1 | 155 | 1 | 155 | 0 | 156 |
| Service sector | 100 | 15 | 101 | 14 | 1 | 114 |
| Ceramic Production | 46 | 1683 | 60 | 1669 | 62 | 1667 |
| TOTAL | 147 | 1853 | 162 | 1838 | 63 | 1937 |

## ટેબલ નંબર - 11 (A) - ટકાવારી

| Category | Covered under ESI Act | NOT COVERED UNDER ESI ACT | Covered under PF ACT | NOT Covered under PF ACT | TB | NON TB |
|---|---|---|---|---|---|---|
| Other Production sector | 00.64% | 99.36% | 00.64% | 99.36% | - | 100% |
| Service sector | 86.96% | 13.04% | 87.83% | 12.17% | 00.87% | 99.13% |
| Ceramic Production | 02.66% | 97.34% | 03.47% | 96.53% | 03.59% | 96.41% |

આ અભ્યાસમાં જુદા જુદા ૩ ક્ષેત્રના ૨૦૦૦ ઉત્તરદાતાઓએ ભાગ લીધો છે જેમાં સીરામીક ઉત્પાદનમાં રોકાયેલા ૧૭૨૯ (૮૬.૪૫%), સીરામીક સીવાયના અન્ય ઉત્પાદન એકમોના ૧૫૬ (૭.૮%), અને સર્વીસ સેકટર ૧૧૫ (૫.૭૫%) ઉત્તરદાતાઓ છે.

સીરામીક સીવાયના અન્ય ઉત્પાદન ક્ષેત્રના કુલ ૧૫૬ ઉતરદાતા પૈકી ૧ (૦૦.૬૪%) ઉત્તરદાતાનો ઈએસઆઈ અને પીએફનો ફાળો પગારમાંથી કાપવામાં આવે છે જ્યારે ૧૫૫ (૯૯.૩૬%) ઉત્તરદાતાઓનો ઈએસઆઈ અને પીએફ ફાળો પગારમાંથી કાપવામાં આવતો નથી.




સર્વીસ સેકટરના કુલ ૧૧૫ ઉતરદાતા પૈકી ૧૦૦ (૮૬.૯૬%) ઉત્તરદાતાનો ઈએસઆઈ ફાળો પગારમાંથી કાપવામાં આવે છે જ્યારે ૧૫ (૧૩.૦૪%) ઉતરદાતાઓનો ઈએસઆઈ ફાળો પગારમાંથી કાપવામાં આવતો નથી. ૧૦૧ (૮૭.૮૩%) ઉત્તરદાતાઓનો પીએફ ફાળો પગારમાંથી કાપવામાં આવે છે અને ૧૪ (૧૨.૧૭%) ઉત્તરદાતાઓનો પીએફ ફાળો પગારમાંથી કાપવામાં આવતો નથી.

સીરામીક ઉત્પાદન એકમમાં કામ કરતા કુલ ૧૭૨૯ ઉત્તરદાતાઓ પૈકી ૪૬ (૦૨.૬૬%) ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો પગારમાંથી કાપવામાં આવે છે જ્યારે ૧૬૮૩ (૯૭.૩૪%) ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો પગારમાંથી કાપવામાં આવતો નથી. ૬૦ (૦૩.૪૭%) ઉત્તરદાતાઓનો પીએફ ફાળો પગારમાંથી કાપવામાં આવે છે અને ૧૬૬૯ (૯૬.૫૩%) ઉત્તરદાતાઓનો પીએફ ફાળો પગારમાંથી કાપવામાં આવતો નથી. સીરામીક ઉત્પાદન એકમમાં કામ કરતા કુલ ૧૭૨૯ ઉત્તરદાતાઓ પૈકી ૬૨ (૩.૫૯%) ઉત્તરદાતાઓએ ટીબીની સારવાર લીધેલ છે.

## 9. પગાર પાવતી :-

કોન્ટ્રાક્ટ લેબર (રેગ્યુલેશન અને એબોલિશન) એક્ટ, ૧૯૭૦ અને લઘુત્તમ વેતન (કેન્દ્રીય) નિયમો, ૧૯૫૦ મુજબ એકમ દ્વારા કામદારને પગાર પવાતી આપવાની જોગવાઈ છે. સદર અભ્યાસમાં ફક્ત ૨૦૨ (૧૦.૧૦%) ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેમને પગાર પાવતી આપવામાં આવે છે. જેમાંથી ૧૮૦ (૮૯.૧૧%) પુરુષ અને ૨૨ (૧૦.૮૯%) મહીલાઓ છે. અહીં ૧૭૯૮ (૮૯.૯૦%) ઉત્તરદાતાને પગાર પાવતી આપવામાં જ આવતી નથી જેમાં ૧૭૭૬ (૮૮.૭૭%) પુરુષ અને ૨૦૨ (૧૧.૨૩%) મહીલાઓ છે.

અભ્યાસકર્તાએ જ્યારે પગાર પાવતી મળતી હોય તેવા ઉત્તરદાતા પાસે પગાર પાવતી માંગી તો ૧૨ ઉત્તરદાતાઓએ તો તેના કામનો હીસાબ રાખતા કાર્ડને પગાર પાવતી ગણાવી હતી! વળી, બે ઉત્તરદાતાઓએ પગાર લખેલી ચીઠ્ઠી બતાવી પણ તેમાં કંપનીનું નામ હતું પણ સહી-સીક્કા ન હતા.

### ટેબલ નંબર – 12 પગાર પાવતી

| | Male | Female | Total |
|---|---|---|---|
| Yes | 180 | 22 | 202 |
| No | 1596 | 202 | 1798 |
| | 1776 (88.8%) | 224 (11.2%) | 2000 |

### ટેબલ નંબર – 12 (A) સેક્ટર દીઠ પગાર પાવતીની સંખ્યા

| Category | YES | | YES Total | Nos | | Nos Total | Total |
|---|---|---|---|---|---|---|---|
| | Male | Female | | Male | Female | | |
| Other Production sector | 1 | 1 | 2 (1.2%) | 118 | 36 | 154 (98.71%) | 156 |
| Service sector | 18 | 11 | 29 (25.21%) | 36 | 50 | 86 (74.78%) | 115 |
| Ceramic Production Sector | 161 | 10 | 171 (9.8%) | 1442 | 116 | 1558 (90.1%) | 1729 |
| Total | 180 | 22 | 202 (10.1%) | 1596 | 202 | 1798 (89.9%) | 2000 |

સૌથી વધુ સર્વીસ સેકટરમાં ૨૫.૨૧% ઉત્તરદાતાઓને પગાર પાવતી આપવામાં આવે છે. જ્યારે અન્ય ઉત્પાદન સેકટર અને સીરામીક સેક્ટરમાં અનુક્રમે ૧.૨% અને ૯.૮% ઉત્તરદાતાઓને પગાર પાવતી આપવામાં આવે છે.

## 10. પગાર/વેતન :-

ઈએસઆઈ કાયદાનો લાભ મેળવવા માટે વેતન રૂ.૨૧,૦૦૦/- કે તેથી ઓછું હોવું જોઈએ. આમ, આ અભ્યાસમાં આવરી લેવામાં આવેલા બધા જ ૨૦૦૦ ઉત્તરદાતાઓ કાયદા હેઠળ આવરી લેવા માટે પાત્ર હતા. અહીં સરેરાશ પગાર રૂ. ૧૫,૯૪૩.૪૬ થાય છે. આ અભ્યાસમાં ૮૯૪ (૪૪.૭%) ઉત્તરદાતાઓ આ સરેરાશથી ઓછું વેતન મેળવતા જોવા મળ્યા જ્યારે ૧૧૦૬ (૫૫.૩%) સરેરાશથી વધુ વેતન મેળવે છે. ૨ ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓ ૬,૦૦૦ કે તેથી ઓછું વેતન મેળવે છે. ૧ ઉત્તરદાતા રૂ. ૭,૦૦૦/- કમાય છે, ૭ ઉત્તરદાતાઓ રૂ. ૭,૫૦૦/- કમાય છે, ૧૧ ઉત્તરદાતાઓ રૂ. ૮,૦૦૦/- કમાય છે અને ૪૩ ઉત્તરદાતાઓ રૂ. ૯,૦૦૦/- કમાય છે, ૧ ઉત્તરદાતા રૂ. ૯,૫૦૦/- કમાય છે. કોઈ પણ ધોરણે આ લઘુત્તમ વેતન કરતાં ઘણું ઓછું છે. તેઓ ૨૭ અલગ અલગ એકમોના છે. એટલે કે આ અભ્યાસનો હેતુ ઇ એસ આઇ, કાયદો, પી એફ કાયદો અને વેતન ચુકવણી ધારા હેઠળની પગાર પાવતી પુરતો સીમીત હોવા છતાં લઘુત્તમ વેતન ચુકવણી કાયદાના અમલ વીશે પણ આપણને જે માહિતી મળે છે તે વિશેષ ઉપલબ્ધી ગણાય.

પુરુષ અને સ્ત્રી કામદારોને ચુકવાતા વેતન વચ્ચે પણ ખૂબ જ મોટો તફાવત હોવાનું આ અભ્યાસમાં જોવા મળે છે. સમાન કામ માટે સમાન વેતન ચૂકવવાનો કાયદો હોવા છતાં, તેનો અમલ નબળો છે તેમ જણાય છે. ૦-૮,૦૦૦ અને ૮,૦૦૧-૧૦,૦૦૦ વેતન જૂથમાં, સ્ત્રી કામદારો પુરુષ કામદારો કરતાં વધુ સંખ્યા છે, અહીં ૮૦૦૦ કે તેથી ઓછું વેતન મેળવનારા ઉત્તરદાતાઓમાં ૪૨.૮૬% પુરુષ છે અને ૫૭.૧૪% મહીલાઓ છે. અને ૮૦૦૧થી ૧૦,૦૦૦/- વેતન જુથમાં ૪૪.૮૬% પુરુષ છે અને ૫૫.૧૪% મહીલાઓ છે આ બે શ્રેણી સિવાય બીજી બધી શ્રેણીઓમાં, તેનાથી ઉપરના વેતન જૂથમાં પુરુષ કામદારો જૂથ પર પ્રભુત્વ ધરાવે છે. મોટાભાગની સ્ત્રી કામદારો દર મહિને રૂ. ૧૦ થી ૧૫ હજાર કમાય છે, જોકે ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ના વેતન જૂથમાં ૧૨.૮૧% સ્ત્રી કામદારો જ વેતન મેળવે છે. પુરુષ કામદારોમાં, ૮૭.૧૯% પુરુષ કામદારો આ શ્રેણીમાં છે.

૧૦,૦૦૦થી ઓછું વેતન મેળવનાર ૧૨૮ ઉત્તરદાતાઓમાં ૫૫.૪૭ ટકા મહિલાઓ છે જે લઘૂત્તમ વેતન કરતાં ઓછું છે. ૩૧૨ કામદાર જેઓ ૧૦,૦૦૧થી વધુ પરંતુ રૂ. ૧૩૫૦૦/- કે તેના કરતાં ઓછું વેતન મેળવે છે તેમાં ૮૩.૦૧% પુરુષ છે ૧૬.૯૯% મહીલાઓ છે. આમ ૪૪૦ ઉત્તરદાતાઓ એટલે કે ૨૨% ઉત્તરદાતાઓ રૂ.૧૩,૫૦૦/- થી ઓછું વેતન મેળવે છે, જે હાલના લઘુત્તમ (કુશળ માટે - ૧૪૨૨૦ અર્ધ કુશળ માટે -૧૩૮૬૦ અને બિન કુશળ માટે - ૧૩૫૬૦ અહીં અમે પગાર ગણવામાં લઘુતમવેતન * ૩૦ દિવસ કરીને પગાર ગણ્યો છે. ) વેતન કાયદા હેઠળ નિર્ધારીત વેતન રતાં ઓછું છે. ૧૧૦૬ (૫૫.૩%) ઉત્તરદાતા સરેરાશ વેતનથી વધુ વેતન મેળવે છે, તેમાં ૧૦૫૧ (૯૫.૦૩%) ઉત્તરદાતા પુરુષ છે અને ફક્ત ૫૫ (૪.૯૭%) ઉત્તરદાતા મહીલાઓ છે. જે ૮૯૪ ઉત્તરદાતાઓ સરેરાશ વેતનથી ઓછું વેતન મેળવે છે, તેમાં ૭૨૫ (૮૧.૧૦%) ઉત્તરદાતા પુરુષ છે અને ૧૬૯ (૧૮.૯૦%) ઉત્તરદાતા મહીલાઓ છે.

### ટેબલ નંબર - 13

| Range of wages earned per month in Rs. | Male | Female | Total |
|---|---|---|---|
| <8000 | 9 | 12 | 21 |
| 8001 - 10,000 | 48 | 59 | 107 |
| 10,001 - 15,000 | 667 | 98 | 765 |
| 15,001 20,000 | 1015 | 54 | 1069 |
| 20,001 – 21,000 | 37 | 1 | 38 |
| Total | 1776 | 224 | 2000 |




## 11. ફેક્ટરીમાં કાર્યરત કામદારોની સંખ્યા :-

ફરીથી, ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તાર માટે પાત્રતા નક્કી કરવા માટે આ એક મહત્વપૂર્ણ કસોટી હતી. જો એકમ ૧૦ કે તેથી ઓછા કામદારને રોજગારી આપતું હોય, તો તે એકમ  ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાને પાત્ર હોતા નથી. આ અભ્યાસમાં કોઈ ઉત્તરદાતાએ અભ્યાસ્કર્તાને જાણ કરી નથી કે તેઓ જે એકમમાં કામ કરી રહ્યા છે તે ૧૦થી ઓછા કામદારોને રોજગારી આપી રહ્યું છે. તેથી, આ અભ્યાસમાં ભાગ લેનારા ઉત્તરદાતાઓ જે એકમોમાં કામ કરે છે, એ બધા એકમો ઇએસઆઇ કાયદા હેઠળ આવરી લેવાને પાત્ર છે.

### ટેબલ નંબર – 14

| No of workers employed | No of Respondents |
|---|---|
| Less than 10 | 0 |
| 11-50 | 146 |
| 51-100 | 252 |
| 101-150 | 398 |
| 151-200 | 514 |
| 201- 300 | 391 |
| 301-400 | 146 |
| 401-500 | 70 |
| 500 -700 | 54 |
| 701 – 1000 | 25 |
| >1000 | 4 |
| | 2000 |



## 12. એકમનું સ્થાન :-

આ કાયદાને લાગુ પાડવા માટેની બીજી શરત તેનું સ્થાન (વિસ્તાર) છે. મોરબીના કેટલાક વિસ્તારોને ૧૯૬૭માં ઈએસઆઈ કાયદા હેઠળ સૂચિત કરવામાં આવ્યા હતા. મોરબીના વિવિધ વિસ્તારોમાં સ્થિત એકમોની સંખ્યા નીચેના ટેબલમાં જોઈ શકાય છે.

### ટેબલ નંબર – 15

| No. | Location of the unit | Nos. of units located in this area covered under this study | Nos. of respondents in these units |
|---|---|---|---|
| 1 | Wankaner City Area | 1 | 3 |
| 2 | Hasanpar, Wankaner | 1 | 11 |
| 3 | GIDC, Wankaner | 5 | 6 |
| 4 | GIDC, Rafaleshwar | 1 | 8 |
| 5 | Lalpar, Morbi | 39 | 327 |
| 6 | Shobheshwar Road, Morbi | 3 | 69 |
| 7 | Lakhdhirpur Road, Morbi | 60 | 302 |
| 8 | Old Ghutu Road, Morbi | 54 | 370 |
| 9 | New Ghutu Road, Morbi | 2 | 7 |
| 10 | Timbdi - Dharampur Morbi | 45 | 265 |
| 11 | Shanala Road, Morbi | 2 | 7 |
| 12 | OLd Bus Stand, Morbi | 1 | 1 |
| 13 | Najarbagh Road, Morbi | 1 | 96 |
| 14 | Mahendranagar - Pipli , Morbi | 50 | 364 |
| 15 | Lati plot, Morbi | 3 | 7 |
| 16 | Gandhi Chowk , Morbi | 1 | 7 |
| 17 | Bhadiyad , Morbi | 21 | 150 |

આ કોઠા પરથી જોઇ શકાશે કે લાલપર, જુનો ઘુટુ રોડ અને લખધીરપુર વિસ્તારમાં મહત્તમ એકમો આવેલા છે. ૨૦ એકમ વાંકાનેર તાલુકાના છે અને બાકીના મોરબી તાલુકાના છે.

પંચાસર, ધુનડા, લીલાપર, જોધપર, રાજપર, શનાળા (શકટ) ગ્રામ પંચાયતની હદ.એવા વિસ્તારો છે કે જે ઇ એસ આઇ કાયદા હેઠળ સુચીત કરવામાં આવ્યા છે પરંતુ તે વિસ્તારના એક પણ ઉત્તરદાતા આ અભ્યાસમાં સામેલ નથી.

## 13. ઉત્તરદાતા કેટલા વર્ષથી કામ કરે છે :-

ઈએસઆઈ કાયદો કામદારને પહેલા દિવસથી જ લાગુ પડે છે. છતાં આ પ્રશ્ન આપણને તેમના સામાજિક સુરક્ષાના કાયદાના વંચિત રહેવાના સમય ગાળાનો ખ્યાલ આપે છે. ૧૬ (૦.૮%) ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી કામ કરી રહ્યા છે અને હજુ પણ તેઓ કાયદા દ્વારા આવરી લેવામાં આવ્યા નથી. ૭૯.૧૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે તેઓ હાલના રોજગારમાં છેલ્લા ૩ વર્ષથી કે તેથી વધુ સમયથી કામ કરી રહ્યા છે. બાકીનામાં લગભગ ૨૦.૯૦% ઉત્તરદાતાઓ હાલના રોજગારમાં છેલ્લા ૩ વર્ષ કે તેથી ઓછા સમયથી કામ કરી રહ્યા છે.

### ટેબલ નંબર – 16

| Period | Male | Female | Total |
|---|---|---|---|
| Less than 1 year | 21 | 4 | 25 |
| 1 -3 years | 351 | 42 | 393 |
| 3-5 years | 869 | 102 | 971 |
| 5-10 years | 434 | 66 | 500 |
| 10-15 years | 53 | 7 | 60 |
| 15-20 years | 33 | 2 | 35 |
| More than 20 years | 15 | 1 | 16 |
| Total | 1776 | 224 | 2000 |



૧૮ વર્ષના ૫ ઉત્તરદાતામાંથી બે ઉત્તરદાતાએ ૧૫ વર્ષની ઉંમરથી, અન્ય બે ઉત્તરદાતાઓએ ૧૪ વર્ષની ઉંમરથી અને એક ઉત્તરદાતાએ ૧૩ વર્ષની ઉંમરથી કામ કરવાનું શરૂ કર્યું હોય તેવું લાગે છે. ૨૦૦૦ ઉત્તરદાતામાંથી ઉત્તરદાતા નંબર-૧૦૧ (ઉંમર ૩૫) અને ઉત્તરદાતા નં.-૧૨૩૧ (ઉંમર 19), બંને પુરુષ ઉત્તરદાતાઓએ અનુક્રમે ૧૪ અને ૧૫ વર્ષની ઉમરે કામ કરવાનું શરૂ કર્યું હોય તેવું આપેલ માહીતી પરથી જણાય છે. ૨૦ વર્ષના ૯ ઉત્તરદાતાઓ ૧૬ વર્ષની ઉંમરથી કામ કરવાનું શરૂ કર્યું હતું તેવું અભ્યાસની માહીતી પરથી જણાય છે. ગુજરાતમાં બાળ મજુરી છે કે નહી તે જાણવાની ચાવી અહીં છે!

## 14. ઇ એસ આઇ હેઠળ આવરી લેવાયેલા ઉત્તરદાતાઓને ખરેખર લાભ મળે છે?

સર્વીસ સેકટરમાં ફક્ત ૨ એકમોમાંથી આ અભ્યાસમાં ૧૦૦ ઉતરદાતા જોડાયા જેમના વેતનમાંથી ઈએસઆઈનો ફાળો કપાય છે. તે પૈકી એક એકમના ૯૪ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો નોકરીમાં જોડાયા તેના પહેલા દિવસેથી જ કાપવામાં આવે છે. પરંતુ તે કામદારો સાથે વધુ ચર્ચા કરતાં જાણવા મળ્યું કે તેમાંથી કોઈને પહેચાન કાર્ડ આપવામાં આવેલ નથી. તેમને ઈએસઆઈ કાયદા હેઠળ મળવાપાત્ર લાભ અને વિમા દવાખાના વિશે કોઇ માહીતી ન હતી. અભ્યાસ દરમીયાન સંસ્થાના કાર્યકર દ્વારા ૯૪ ઉત્તરદાતાને સમજ આપવામાં આવી અને પત્રિકા વહેંચી. આ ૯૪ પૈકી એક ગર્ભવતી મહીલા ઉત્તરદાતાને ઈએસઆઈમાંથી મળતા માતૃત્વ લાભ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

બીજા એકમમાં કામ કરતા ૬ ઉત્તરદાતાના વેતનમાંથી ઈએસઆઈનો ફાળો કાપવામાં આવે છે પરંતુ તે પૈકી એક સિવાય અન્ય કોઇ ઉત્તરદાતાને પહેચાન કાર્ડ આપવામાં આવેલ ન હતું. એક કેસમાં જ્યારે પહેચાન કાર્ડની આવશ્યકતા ઊભી થઈ ત્યારે એકમ દ્વારા ૨ મહીના બાદ ૪ ધક્કા ખવડાવ્યા બાદ આપવામાં આવ્યું હોવાનું ઉત્તરદાતાએ જણાવ્યું.

સીરામીક સીવાયના ઉત્પાદન સેક્ટરના એક એકમના ૧ ઉત્તરદાતાનો ઈએસઆઈ ફાળો પગારમાંથી કાપવામાં આવે છે તેવું ઉત્તરદાતાએ અભ્યાસકર્તાને જણાવ્યું હતું જ્યારે એજ ઉત્તરદાતાનો પીએફનો ફાળો પગારમાંથી કાપવામાં આવતો નથી, તેને પગાર પાવતી પણ આપવામાં આવતી નથી તેવું તેઓએ જણાવ્યું. બીજી વારની મુલાકાત દરમીયાન જાણવા મળ્યું કે કામદાર બીમાર પડે તો કારખાના માલિક દ્વારા નક્કી કરેલા ખાનગી દવાખાનામાં મોકલવામાં આવે જ્યાં કામદારને વીનામુલ્યે સારવાર મળે છે જેને તેઓ ઈએસઆઈ સમજતા હોય તેવું અમારું અનુમાન છે. આ કામદાર પાસે ઈએસઆઈ નંબર પણ નથી. ઈએસઆઈ કાપવામાં આવે છે સવાલના જવાબમાં ઉત્તરદાતાએ “હા“ કહ્યું હતું. તેથી આ અંગે ચોક્કસ કશું કહી શકાય નહી

સીરામીક સેકટરના ૨૪ એકમના ૪૬ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો પગારમાંથી કાપવામાં આવે છે. ૧૨ સીરામીક એકમો એવા મળ્યા જ્યાંથી જેમાં એકમ દીઠ ૧ ઉત્તરદાતાનો જ ઈએસઆઈ ફાળો પગાર માંથી કાપવામાં આવે છે.

૭ સીરામીક એકમો એવા મળ્યા જેમાં એકમ દીઠ ૨ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો પગાર માંથી કાપવામાં આવે છે.

૩ સીરામીક એકમો એવા મળ્યા જેમાં એકમ દીઠ ૩ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો પગાર માંથી કાપવામાં આવે છે

જ્યારે એવા ૨ સીરામીક એકમો છે જેમાં અનુક્રમમે ૪ અને ૭ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો પગાર માંથી કાપવામાં આવે છે

આ બધા ૪૬ ઉત્તરદાતાઓનો ઈએસઆઈ ફાળો નોકરીમાં જોડાયાના પહેલા દીવસથી કાપવાનું શરુ કર્યું હતું કે તે પછી, અને જો તે પછી શરુ કર્યું હોય તો કેટલા સમય બાદ કપાત શરુ કરી તે જાણવા માટે જ્યારે અભ્યાસકર્તાએ બીજી મુલાકાત કરી ત્યારે જાણવા મળ્યું કે ૪૬ ઉત્તરદાતામાંથી એક પણ ઉત્તરદાતાનું ઈએસઆઈ પહેલા દિવસથી કાપવામાં આવ્યું ન હતું.

૧૪૭ પૈકી કોઈ પણ ઉત્તરદાતાને શરૂઆતમાં કામચલાઉ આઈ કાર્ડ કે ૩ મહીના બાદ પહેચાન કાર્ડ આપવામાં આવ્યું નથી. ઈએસઆઈના લાભ મેળવવા માટે પહેચાન કાર્ડ અનીવાર્ય છે.

## 15. ટીબી :-

### ટેબલ નંબર – 17

| Category | Male | Female | Total |
|---|---|---|---|
| No treatment taken for TB ever | 1723 | 214 | 1938 |
| TB treatment taken | 53 | 10 | 63 |

૨૦૦૦ ઉત્તરદાતામાંથી ૬૩ (૩.૧૫%) ઉત્તરદાતાએ ટીબીની સારવાર લીધેલ છે. સીરામીકમાં ૬૨ કામદારોએ અને સેવા ક્ષેત્રેમાં ૧ કામદારે ટીબીની સારવાર લીધેલ છે. અન્ય ઉત્પાદન ક્ષેત્રના એક પણ ઉત્તરદાતાએ ટીબીની સારવાર લીધી નથી. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના વૈશ્વીક ટીબી રીપોર્ટ મુજબ ૨૦૨૩માં પ્રતિ ૧ લાખ વ્યક્તિ દીઠ ૧૯૫ (૦.૧૯૫) કેસ ટીબીના હતા. એ હીસાબે આ અભ્યાસમાં જોડાયેલા મોરબીના સીરામીક ઉત્પાદન એકમોમાં કામ કરતા ૩.૧૫% ઉત્તરદાતાઓએ ટીબીની સારવાર મેળવી હોય તો એ દર ઘણો ઉંચો કહેવાય. સીલીકાના સંપર્કમાં આવનારાઓને ટીબી થવાની સંભાવના વધુ હોય છે તે વાત અહીં સ્પષ્ટ દેખાય છે.iv

## 16. અન્ય બીજી કોઈ બીમારી :-

### ટેબલ નંબર – 18

| *Category* | Male | Female | Total |
|---|---|---|---|
| *NO sickness* | 1753 | 219 | 1972 (98.6%) |
| *Blood Pressure* | 0 | 2 | 2 |
| *Cancer** | 1 | 0 | 1 |
| *Diabetes* | 2 | 1 | 3 |
| *Difficulty in breathing* | 6 | 0 | 6 |
| *Dust allergy* | 1 | 0 | 1 |
| *Gallbladder stone* | 1 | 0 | 1 |
| *Surgery for Gallbladder stone done* | 1 | 0 | 1 |
| *Hemorrhoid* | 1 | 0 | 1 |
| *Joint pain* | 2 | 0 | 2 |
| *Leg pain* | 2 | 1 | 3 |
| *Silicosis* | 5 | 0 | 5 |
| *Skin allergy* | 1 | 0 | 1 |
| *Stomach pain* | 0 | 1 | 1 |
| *TOTAL* | 1776 | 224 | 2000 |

*૩૭ વર્ષ પુરુષને મોઢાના કેન્સરની બીમારી છે. જે સીરામીક ઉત્પાદન સેકટર સાથે જોડાયેલા છે.

૫ ઉત્તરદાતાઓ સિલિકોસિસનો ભોગ બનેલા જોવા મળ્યા. જે બધા સીરામીક ઉત્પાદન સેકટર સાથે જોડાયેલા છે. તેમની ઉંમર અનુક્રમે ૨૯,૩૨,૪૦,૪૫ અને ૪૭ છે. તમામ ૫ ઉત્તરદાતાઓ પુરુષ છે. તે પૈકી એક પણ ઉત્તરદાતાને ઈએસઆઈ કાયદા અને પીએફ કાયદા હેઠળ આવરી લેવામાં આવેલા નથી. ૪ ઉત્તરદાતાઓ સ્થાનીક અને ૧ સ્થળાંતરીત શ્રમજીવી છે. સ્થળાંતરીત શ્રમજીવી હાલ ૩૨ વર્ષના છે. ૧૪ વર્ષથી એક જ સીરામીક એકમમાં કામ કરી રહ્યા છે. અને છતાં તેમને સામાજીક સુરક્ષા કાયદાનો લાભ મળી રહ્યો નથી.

આ પાંચ ઉત્તરદાતા ઓછામાં ઓછા ૩ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષથી કામ કરી રહ્યા હોવા છતાં તેઓને ઈએસઆઈ કાયદાનો લાભ નથી મળ્યો. અગાઉ વાત કરી તે મુજબ પાંચમાંથી એક પણ ઉત્તરદાતા એવું ઇચ્છતા નથી કે માલીકને જાણ થાય કે તેઓ સીલીકોસીસ પીડીત છે. તેમને ડર છે કે તેમને નોકરીમાંથી કાઢી મુકશે. અગાઉ આવી રીતે અન્ય કામદાર સાથે એમના એકમમાં આવું થયેલ હોવાનું તેમણે જોયું છે તેવું ઉત્તરદાતાએ જણાવેલ છે જેથી તેમનો ડર વાજબી લાગે છે.

ઉપરના ટેબલ મુજબ જે ૬ લોકોને  શ્વાસની તકલીફ છે તેમનો સીલીકા સાથે લાંબા સમયથી સંપર્ક રહ્યો છે અને ટીબીની સારવાર પણ લીધેલ છે.

## 17. સ્થળાંતરીત શ્રમજીવી :-

મોરબીમાં ગુજરાત તથા ગુજરાત બહારથી પણ લાખો કામદારો કામ કરવા માટે આવતા હોય છે અને મોરબીમાં પોતાનું આખું જીવન વિતાવી દેતા હોય છે.

### ટેબલ નંબર – 19

| *Category* | *Male* | *Female* | *Total* |
|---|---|---|---|
| *Migrant Workers* | 1065 | 56 | 1121 (56.05%) |
| *Local Workers* | 711 | 168 | 879 (43.95%) |
| *Total* | 1776 | 224 | 2000 |

સદર અભ્યાસમાં જે ૨૦૦૦ ઉત્તરદાતાઓએ ભાગ લીધો તે પૈકી ૫૬%થી વધુ સ્થળાંતરીત શ્રમજીવી હતા.

## 18. સ્થળાંતરીત શ્રમજીવી અને ઈએસઆઈ કાયદો.

### ટેબલ નંબર – 20 સ્થાનીક કામદાર અને સ્થળાંતરીત શ્રમજીવી સાથે ઈએસઆઈ અમલીકરણ

| Category | L-Male | L-Female | Local Total | M-Male | M-Female | Migrant Total | Total |
|---|---|---|---|---|---|---|---|
| Covered under ESI Act | 54 (2.7%) | 53 (2.65%) | 107 (5.35%) | 39 (1.95%) | 1 (0.05%) | 40 (2%) | 147 |
| NOT covered under ESI Act | 657 (32.85%) | 115 (5.75%) | 772 (38.6%) | 1026 (51.3%) | 55 (2.75%) | 1081 (54.05%) | 1853 |
| Total | 711 (35.55%) | 168 (8.4%) | 879 (43.95%) | 1065 (53.26%) | 56 (2.8%) | 1121 (56.05%) | 2000 |

❖ અહીં L એટલે સ્થાનીક કામદાર અને M આપણે સ્થળાંતરીત શ્રમજીવી માટે વાપર્યો છે.




ટેબલ નં. ૨૦ માં જોવા મળશે કે સ્થાનીક ૮૭૯ ઉત્તરદાતાઓ પૈકી ૧૦૭ (૧૨.૧૭%)નો ઈએસઆઈનો ફાળો પગારમાંથી કાપવામાં આવે છે. ૧૧૨૧ સ્થળાંતરીત ઉત્તરદાતાઓ પૈકી માત્ર ૪૦ (૩.૫૭%)નો ઈએસઆઈનો ફાળો પગારમાંથી કાપવામાં આવે છે. અહીં સ્પષ્ટપણે સ્થળાંતરીત શ્રમજીવી સાથેનો ભેદભાવ દેખાઇ રહ્યો છે.

## 19. સીલીકા સંપર્ક :-

### ટેબલ નંબર – 21

| Department | MALE | FEMALE | TOTAL |
|---|---|---|---|
| Bharai | 217 | 21 | 238 |
| Glazing | 19 | 0 | 19 |
| Checking | 53 | 1 | 54 |
| Ballmill | 14 | 0 | 14 |
| Ceramic Clay | 234 | 12 | 246 |
| Molding | 8 | 0 | 8 |
| Out table | 26 | 0 | 26 |
| Kiln | 17 | 0 | 17 |
| Packing | 67 | 10 | 77 |
| Painting | 5 | 0 | 5 |
| Sorting | 71 | 0 | 71 |
| Other | 872 | 82 | 954 |
| Total | 1603 | 126 | 1729 |

### ટેબલ નંબર – 21 ( A )

| Ceramic Sector worker | Male | Female | Total Respondents |
|---|---|---|---|
| Direct exposure to silica dust | 545 | 34 | 579 (33.49%) |
| Indirect exposure to silica dust | 1058 | 92 | 1150(66.51%) |
| Total | 1603 | 126 | 1729 |

ઉપરના ટેબલમાં સીરામીક સેકટરના ઉત્તરદાતાઓ કયા ખાતામાં કામ કરે છે તે અભ્યાસકર્તાને જાણવા મળ્યું છે. ખાતાની વિગતને કારણે જાણી શકાય છે કે કેટલા ઉત્તરદાતાઓ સીલીકાના સીધા સંપર્કમાં આવે છે, કેટલા પરોક્ષ સંપર્કમાં આવે છે અને કેટલા બીલકુલ સંપર્કમાં આવતા નથી.

તે મુજબ ભરાઇ, ગ્લેઝીંગ, ચેકીંગ, બોલમીલ, સીરામીક ક્લે અને મોલ્ડીંગ ખાતાઓમાં કામ કરતા  કુલ ૫૭૯ (૨૮.૯૫%) ઉત્તરદાતાઓ સીલીકાના સીધા સંપર્કમાં આવે છે તેમ કહી શકાય. સોર્ટીંગ, પેઇંટીંગ, પેકીંગ, કિલ્ન, અને આઉટ ટેબલ ખાતામાં કામ કરતા ૧૯૬ (૯.૮%) ઉત્તરદાતાઓ સીલીકાના પરોક્ષ સંપર્કમાં આવે છે. અન્ય ૯૫૪ (૪૭.૭%) પણ સીલીકાના પરોક્ષ સંપર્કમાં આવી શકે છે, કારણ આ એવા કામદાર છે જેમને જરુર પડી હોય તે ખાતામાં કામ કરવા મોકલી શકાય છે.

જો સીરામીક એકમ ફેક્ટરી એક્ટની જોગવાઇઓનું ચૂસ્ત પાલન કરતું ન હોય અને કાર્યસ્થળની હવામાં સીલીકાની રજનું પ્રમાણ કાયદા મુજબ જાળવવામાં નિષ્ફળ નીવડે તો જોખમ વધી જાય છે.

૨૦૦૦ ઉત્તરદાતામાંથી ૨૭૧ ઉત્તરદાતા "અન્ય ઉત્પાદન સેકટર" અને "સર્વીસ સેકટર"ના છે જ્યાં સીલીકા સંપર્કનું કોઈ જોખમ હોતું નથી.

૫૭૯ (૨૮.૯૫%) ઉત્તરદાતા કામ દરમીયાન પ્રત્યક્ષ રીતે સીલીકાના સંપર્કમાં આવે છે તેમને ટીબી, સીલીકોસીસ, સીઓપીડી અને ફેફસાંના કેન્સર થવાની વધુ સંભાવના રહેલી છે. પરોક્ષ રીતે સીલીકાના સંપર્કમાં આવતા કે સંપર્કમાં આવતા ૧૧૫૦ (૬૬.૫૧%) કામદારોને ટીબી, સીલીકોસીસ, સીઓપીડી અને ફેફસાંના કેન્સર થવાની સંભાવના ઓછી રહેલી હોય

જો કારખાના કાયદા અનુસાર કામદારોના આરોગ્ય ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે તો કેટલાક કામદારોને બીમારીથી બચાવી શકાય.

## 20. ક્યું ક્ષેત્ર કાયદાનો સારો અમલ કરે છે?

આ અભ્યાસમાં જોડાયેલા ૨૦૦૦ ઉત્તરદાતા સીરામીક, સીરામીક સિવાયનું ઉત્પાદન અને સર્વીસ ક્ષેત્રના હતા.

### ટેબલ 22

| સેક્ટર | ઇએસઆઇ કાયદાનો બીલકુલ અમલ નહી | ઇએસઆઇ કાયદાનો આંશીક અમલ | પી એફ કાયદાનો બીલકુલ અમલ નહી | પી એફ કાયદાનો આંશીક અમલ | પગાર પાવતી અમલ બીલકુલ નહી | પગાર પાવતી આંશીક અમલ |
|---|---|---|---|---|---|---|
| સીરામીક | 222(90.24%) | 24(9.76%) | 212(86.18%) | 34(13.82%) | 171(69.51%) | 75(30.49) |
| અન્ય ઉત્પાદન | 37(97.37%) | 1(2.63%) | 37(97.37%) | 1(2.63%) | 36(94.74) | 2(5.26%) |
| સર્વીસ | 4(66.67%) | 2(33.33%) | 4(66.67%) | 2(33.33%) | 4(66.67%) | 2(33.33%) |
| TOTAL | 263(90.68%) | 27(9.31%) | 253(87.24%) | 37(12.76%) | 211(72.76%) | 79(27.24%) |

ઉપરનું ટેબલ જોતાં સ્પષ્ટ જણાય છે કે ઇએસ આઇ કાયદો, પીએફ કાયદો તેમજ પગાર પાવતી અંગે સર્વીસ ક્ષેત્રના એકમો સારો અમલ કરે છે. તે પછી સીરામીક એકમો આવે છે અને તે પછીના ક્રમે અન્ય ઉત્પાદન એકમો આવે છે.

# અભ્યાસના તારણ અને નિષ્કર્ષ

૧. આ અભ્યાસમાં ૨૯૦ એકમોના ૨૦૦૦ કામદારોએ ભાગ લીધો હતો. [ટેબલ-૨] ૨૦૦૦ ઉત્તરદાતાઓમાંથી, ૯૨.૬૫% ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યા નથી. [ટેબલ-૪] બધા ૨૯૦ એકમો ઈએસઆઈ કાયદા હેઠળ સૂચિત વિસ્તારમાં સ્થિત છે. [ટેબલ-૧૫]. બધા ૨૯૦ એકમો ૧૦ કે તેથી વધુ કામદારોને રોજગારી આપે છે. [ટેબલ-૧૪] તમામ ૨૦૦૦ ઉત્તરદાતાઓ રૂ. ૨૧,૦૦૦/-થી ઓછું અથવા તેના બરાબર વેતન મેળવે છે [ટેબલ-૧૩] અને તેથી કાયદા દ્વારા આવરી લેવા માટે પાત્ર છે. તે સ્પષ્ટ છે કે ૨૯૦ એકમોમાંથી, ૨૭ એકમોમાં ઈએસઆઈ આંશિક રીતે લાગુ કરવામાં આવ્યું છે [ટેબલ-૫] જ્યારે બાકીના ૨૬૩ એકમોમાં એવું લાગે છે કે તેનો બિલકુલ અમલ થયો નથી. આ સૂચવે છે કે સામાજિક સુરક્ષાના કાયદાનો અમલ બહુ જ નબળો છે.

૨. જેમનું ઈએસઆઈ યોગદાન કાપવામાં આવે છે તેવા ૧૪૭ ઉત્તરદાતાઓમાંથી ૯૩ પુરુષ છે અને ૫૪ મહિલા છે. [ટેબલ-૪]

૩. જેમનું ઈએસઆઈ યોગદાન કાપવામાં આવે છે તેવા ૧૪૭ ઉત્તરદાતાઓમાંથી બહુ ઓછાને કાયદા હેઠળ આપવું જોઇતું ઓળખ કાર્ડ આપવામાં આવ્યું છે. તે કારણે વેતનમાંથી ફાળો ભરતા હોવા છતાં કાયદા મુજબના લાભ મેળવી શકતા નથી

૪. ઈએસઆઈ યોગદાન કાપવામાં આવે છે તેવા ૧૪૭ ઉત્તરદાતાઓમાંથી કોઇનો ફાળો નોકરીના પહેલા દિવસથી કાપવામાં આવ્યો નથી. નોકરીમાં લાંબો સમય થયા બાદ જ તેને કાયદા હેઠળ આવરી લેવામાં આવે છે જે કાયદાનો ભંગ છે.

૫. ૧૦,૦૦૦ થી ઓછું વેતન મેળવે છે તેવા ૧૨૮ ઉત્તરદાતાઓમાં ૫૫.૪૭% મહિલાઓ છે, જે લઘુત્તમ વેતન કરતાં ઓછું છે. ૩૧૨ ઉત્તરદાતાઓ રૂ.૧૦,૦૦૧થી વધુ પરંતુ રૂ.૧૩૫૦૦ કે તે કરતાં ઓછું વેતન મેળવે છે. આ ૩૧૨ ઉત્તરદાતાઓમાં ૮૩.૦૧% પુરુષ છે, ૧૬.૯૯% મહીલાઓ છે. આમ ૪૪૦ ઉત્તરદાતાઓ એટલે કે ૨૨% ઉત્તરદાતાઓ રૂ.૧૩,૫૦૦થી ઓછું વેતન મેળવે છે. એવું તારણ કાઢી શકાય છે કે ઘણા એકમમાં મોટી સંખ્યામાં કામદારોને લઘુત્તમ વેતન પણ ચૂકવવામાં આવતું નથી. કામદારોને લઘુત્તમ વેતન વિશેના કાયદાનો ખ્યાલ નહીં જ હોય તેવું અભ્યાસ દરમીયાન જાણવા મળ્યું. [ટેબલ-૧૩]

૬. પુરુષ અને સ્ત્રી કામદારો વચ્ચે વેતનમાં ઘોર અસમાનતા છે. સમાન કામ માટે સમાન વેતનનો કાયદો મોટાભાગે કાગળ પર જ રહ્યો છે. [ટેબલ-૧૩]

૭. ૩૭ એકમોના ૧૬૨ (૮.૧૦%) ઉત્તરદાતાઓએ જવાબ આપ્યો છે કે તેમનો પીએફ ફાળો કાપવામાં આવે છે બાકીના ૧૮૩૮ (૯૧.૯૦%) ને પીએફ કાયદાનો લાભ મળતો નથી. ૧૬૨માંથી ૧૦૭ (૬૬.૦૫%) પુરુષ અને ૫૫ (૩૩.૯૫%) મહિલા કામદારો છે. પુરુષ ઉત્તરદાતાના ૬૬.૦૫%ને પીએફ કાયદનો લાભ મળે છે. જે સ્ત્રી ઉત્તરદાતા કરતાં વધુ છે. પુરુષ અને સ્ત્રી કામદારો વચ્ચેનો તફાવત અહીં પણ જોવા મળે છે. [ટેબલ-૮]

૮. જે ૧૪૭ ઉત્તરદાતાઓનું ઈએસઆઈ યોગદાન કાપવામાં આવે છે તેમાંથી ૧૪૫ને પણ પીએફ કાયદાનો લાભ મળી રહ્યો છે. તેઓ ૨૭ અલગ અલગ એકમોમાંથી છે. આ ૨૭ એકમો પ્રશંસાને પાત્ર છે. જોકે આ અભ્યાસ પરથી એ સ્પષ્ટ થતું નથી કે તેઓએ તેમના તમામ કામદારોને આ બંને કાયદા હેઠળ આવરી લીધા છે કે નહીં. . [ટેબલ-૮(A)]

૯. ૨૦૦૦ ઉત્તરદાતામાંથી ફક્ત ૨૦૨ (૧૦.૧૦%)ને પગાર પાવતી આપવામાં આપે છે. ૧૭૯૮ (૮૯.૯૦%) ઉત્તરદાતાને પગાર પાવતી આપવામાં આવી રહી નથી. [ટેબલ-૧૨] જો કે આ પગાર પાવતી અંગે પણ ઉત્તરદાતાઓને પુરતી સમજ નથી તેમ જણાય છે. ઘણા

ઉત્તરદાતા અભ્યાસકર્તાને પોતાની પગાર પાવતી બતાવી શક્યા નથી. અને જે થોડાએ બતાવી તેમાં કામગીરીનો રેકોર્ડ હતો. અન્ય એક ઉત્તરદાતાએ બતાવેલ દસ્તાવેજમાં પ્રિન્ટ કાઢેલ પેપરમાં નામ અને પગાર લખેલ હતા પરંતુ તેમાં એકમના નામનો સ્ટેમ્પ કે કોઈની સહી જોવા મળ્યા નહી. કામદારની અજ્ઞાનતા અને મજબૂરીનો ભરપૂર ફાયદો ઉઠાવવામાં આવે છે.

૧૦. અભ્યાસમાં મળેલા ૫ ઉત્તરદાતા સીલીકોસીસ પીડીત હતા અને ૬ ઉત્તરદાતાઓએ શ્વાસ લેવામાં તકલીફ હોવાનું જણાવ્યું. શ્વાસ લેવામાં તકલીફ હોય તેવા ઉત્તરદાતાઓનો સીલીકાનો લાંબા સમયનો સંપર્ક હોવાનું જાણવા મળ્યું. આ કામદારો પાસે પણ એકમમાં કામ કરે એનો કોઈ પુરાવો નથી. [ટેબલ-૧૮]

૧૧. જે એકમ પી એક કાયદાનો લાભ આપે છે પણ ઇ એસ આઇ કાયદાનો લાભ આપવા માગતું નથી (સંદર્ભ ટેબલ ૦૮) તે પાછળ શું ગણીત કે શો તર્ક હશે તે તો એ એકમ જ સમજાવી શકે. ઉત્પાદકોના સંઘો તેમને સામાજીક સુરક્ષાના બંને કાયદાનું પાલન કરવા પ્રેરીત કરી શકે.

૧૨. ટીબીની સારવાર લીધેલ ૬૩ ઉત્તરદાતાઓમાંથી ૬૨ ઉત્તરદાતાઓ સીરામીક કામદાર છે. સીલીકાના સંપર્કને કારણે ટીબીનું પ્રમાણ વધુ હોય તેવું અનુમાન લગાવી શકાય. સીલીકાના સંપર્કમાં હોય તેને ટેબી થવાની સંભાવના વધુ હોય છે તે જાણીતી હકીકત છે [ટેબલ-૧૧]

૧૩. ટેબલ નં. ૨૦માં જોવા મળશે કે સ્થાનીક ૮૭૯ ઉત્તરદાતાઓ પૈકી ૧૦૭ (૧૨.૧૭%)નો ઈએસઆઈનો ફાળો પગારમાંથી કાપવામાં આવે છે. ૧૧૨૧ સ્થળાંતરીત ઉત્તરદાતાઓ પૈકી માત્ર ૪૦ (૩.૫૭%)નો ઈએસઆઈનો ફાળો પગારમાંથી કાપવામમાં આવે છે. અહીં સ્પષ્ટપણે સ્થળાંતરીત શ્રમજીવી સાથેનો ભેદભાવ દેખાઇ રહ્યો છે. [ટેબલ-૨૦]

૧૪. સીરામીકમાં કામ કરતા કુલ ૧૭૨૯ ઉત્તરદાતા પૈકી ૫૭૯ (૩૩.૪૯%) ઉત્તરદાતાઓ પ્રત્યક્ષ રીતે સીલીકાના સંપર્કમાં આવે છે તે બધા પર ટીબી, સીલીકોસીસ, સીઓપીડી અને ફેફસાંના કેન્સર થવાની વધુ રહેલી છે. પરોક્ષ રીતે સીલીકાની રજના સંપર્કમાં આવતા ૧૧૫૦ (૬૬.૫૧%) ઉત્તરદાતાઓને તેની સંભાવના ઓછી હોય છે [ટેબલ-૨૧(A)]

૧૫. ટેબલ ૨૨ જોતાં ખ્યાલ આવે છે કે સીરામીક એકમો, સીરામીક સિવાયના ઉત્પાદન એકમો અને સર્વીસ ક્ષેત્રના એકમો પૈકી આ અભ્યાસ જણાવે છે કે સર્વીસ ક્ષેત્રના એકમો સામાજીક સુરક્ષાના કાયદાનો અમલ સારો કરે છે. તે પછીના ક્રમે સીરામીક એકમો આવે છે અને તે પછીના ક્રમે સીરામીક સિવાયના ઉત્પાદન એકમો આવે છે.

# તારણોને આધારે ચર્ચા

આ અભ્યાસમાંથી જાણવા મળતી હકીકતો અત્યંત ચોંકાવનારી છે. મોરબીના ઔધ્યોગીક વિસ્તારોને ઇ એસ આઇ કાયદો ૧૯૬૭માં લાગુ કરવામાં આવ્યો હોય અને તેના ૫૮ વર્ષ પછી પણ અભ્યાસમાં આવરી લેવાયેલા ૨૦૦૦ કામદારો પૈકી ૯૨.૬૫% ઉત્તરદાતા એમ કહેતા હોય કે તેમના વેતનમાંથી ઇ એસ આઇનો ફાળો કાપવામાં આવતો નથી તો તે કામદાર રાજ્ય વિમા નીગમ માટે અત્યંત શરમજનક કહેવાય. રાજ્ય સરકાર કે ઉધ્યોગપતિઓ પણ પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહિ. ઉધ્યોગનો વિકાસ એટલે શું તે સમજવાની જરુર છે. સબકા સાથ ન હોય તો સબકા વિકાસ તો ક્યાંથી થાય ? થોડાનો વિકાસ થાય છે અને તે અનેકોના ભોગે થાય છે. તાજેતરમાં એક સરકારી અહેવાલ મુજબ ભારતમાં સામાજીક સુરક્ષા મેળવનારા કામદારોની સંખ્યામાં છેલ્લા દસકામાં મોટો વધારો થયો છે. પણ આ અભ્યાસ તેને ટેકો આપતો નથી.

સંસ્થાએ ૭ વર્ષ અગાઉ થાનમાં આવો જ અભ્યાસ કર્યો હતો અને તેમાં પણ આવા જ તારણો નીકળ્યા હતા. આવા અભ્યાસો સમાજ પરીવર્તનમાં કોઇ ખાસ ભુમીકા ભજવવામાં નીષ્ફળ જાય છે તેવો સામાન્ય અનુભવ છે પણ આવા અભ્યાસો સમાજને દર્પણ જરુર બતાવે છે અને આપણે સામાજીક ન્યાયની દીશામાં કેટલી મજલ કાપવી બાકી છે તે દર્શાવે છે.

# ભલામણો

## કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય અને ઈએસઆઈ કોર્પોરેશન માટે :-

I. ૨૫ જુલાઈ, ૨૦૧૮ના રોજ પ્રકાશિત શ્રમ અને રોજગાર મંત્રાલય પરની સંસદીય સ્થાયી સમિતિના ૩૯મા અહેવાલમાં, અહેવાલ આપે છે કે, "સમિતિના ધ્યાનમાં એક સ્પષ્ટ મુદ્દો એ છે કે ઈએસઆઈ યોજના હેઠળ 'નોંધણી' ની જવાબદારી ફક્ત 'નોકરીદાતા' પર છે, ઈએસઆઈસી પર નહીં, જે વીમાધારક વ્યક્તિઓ (IP) અને નોકરીદાતાઓ પાસેથી યોગદાન એકત્રિત કરે છે. તેમનો મત છે કે નોંધણીની 'જવાબદારી' ફક્ત નોકરીદાતા પર જ નહીં પરંતુ ESIC/ESIS પર પણ હોવી જોઈએ, કારણ કે તેને કામદારો તેમજ નોકરીદાતાઓ બંને તરફથી યોગદાન મળ્યું હતું. સમિતિ માને છે કે આનાથી ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારને સુધારવામાં ભારે અસર પડશે અને તેથી ભલામણ કરે છે કે શ્રમ અને રોજગાર મંત્રાલય તેમજ ઈએસઆઈસી દ્વારા આ મુદ્દાની તપાસ કરવામાં આવે અને જરૂરી પગલાં લેવામાં આવે જેની સમિતિને જાણ કરવામાં આવે." ૧૧/૦૨/૨૦૧૯ ના રોજ પ્રકાશિત થયેલા તેના ૫૬ મા અહેવાલમાં, સમિતિએ ફરીથી તેની ભલામણનો પુનર્વિચાર કર્યો. “અમે એક પગલું આગળ વધીને ભલામણ કરીશું કે કામદારને પ્રીમિયમ માટે ફાળો આપનાર તરીકે પોતાને નોંધણી કરાવવાનો પણ અધિકાર હોવો જોઈએ.” લાંબા સમયથી આ ફેરફાર કરવો જરુરી છે.

II. મોરબીમાં સીરામીક અને અન્ય ઉદ્યોગોમાં ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લીધેલા વિસ્તારમાં આવતા તમામ કામદારોને આવરી લેવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. ઈએસઆઈ કોર્પોરેશને આ તારણોને ગંભીરતાથી લેવા જોઈએ અને નિર્ણાયક રીતે બધા કામદારોને આવરી લેવા માટે કાર્ય કરવું જોઈએ - પછી ભલે તેઓ કાયદેસર/ગેરકાયદેસર કોન્ટ્રાક્ટરો અથવા એકમો દ્વારા કાર્યરત હોય કે પછી તેઓ પીસ રેટ કામદારો હોય કે દૈનિક વેતન મેળવતા હોય. ઈએસઆઈસી એ વિઝન ૨૦૨૨ હેઠળ ૨૦૨૨ સુધીમાં સમગ્ર દેશને આવરી લેવાનું નક્કી હતું પરંતુ તે અંગે મોરબીમાં હજી ઘણું કામ બાકી દેખાય છે. અમને આશા છે કે ઈએસઆઈસી આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ થશે.

III. આ અભ્યાસમાં જે ઉત્તરદાતાઓએ પોતાને સીલીકોસીસ થયાનું જણવ્યું છે તે તમામને તત્કાલીક અસરથી ઇએસઆઇ કાય્દા હેઠળ લાભ આપવા પગલાં લેવાં જોઇએ. જ્યારે કામદારને સીલીકોસીસ થાય છે ત્યારે તેને ઈએસઆઈ કાયદા અથવા કર્મચારી વળતર કાયદા હેઠળ કોઈ નુકસાની કે વળતર ચૂકવવામાં આવતું નથી. જેમને સીલીકોસીસ થાય છે તેઓ વહેલા કે મોડા શ્રમ બજારમાંથી બહાર ધકેલાઈ જાય છે અને પછી તેઓને પોતાનું જીવન જીવવાનું ખૂબ જ મુશ્કેલ બને છે કારણ કે એક તરફ તેમની આવક બંધ થઈ જાય છે અને બીજી તરફ સારવારનો ખર્ચ અનેક ગણો વધી જાય છે. નિવૃત્તીની ઉંમર કરતાં ઘણા વહેલા તેમને ફર્જીયાત નિવૃત્ત થવું પડે છે

IV. આ ઉદ્યોગમાં પીએફ કાયદાનો અમલ કરાવવા માટે જરૂરી પગલાં લેવાની જરૂર છે. રાજ્યના પીએફ કમીશ્નરશ્રી આ બાબ્ત ધ્યાન આપે.

V. કામદારોને પોતાના "સહાયક" ને નોકરી પર રાખવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ.

VI. અનેક કામદારોને પગાર પાવતી આપવામાં આવતી નથી. શ્રમ વિભાગ દ્વારા કડક પગલાં લેવા જોઈએ.

VII. લઘુત્તમ વેતન અને સમાન વેતન માટે સમાન વેતન કાયદાનો અમલ પણ થવો જોઈએ.

VIII. કોંટ્રાક્ટ લેબર (રેગ્યુલેશન એણ્ડ એબોલીશન) એક્ટ, ૧૯૭૦નો કડક અમલ થવો જોઈએ.

ઈએસઆઈ કોર્પોરેશને કામદારોને ઈએસઆઈ કાયદા હેઠળ મળવાપાત્ર લાભો વિશે શિક્ષિત કરવા જોઈએ. નોકરીદાતા દ્વારા કાયદા હેઠળ આવરી લેવામાં ન આવે ત્યારે ફરિયાદ નોંધાવવા માટે કામદારને અને નોકરીદાતા દ્વારા અન્ય અનિયમિતતાઓ દૂર કરવા તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ, સાથે સાથે ગોપનીયતાની ખાતરી રાખવી જોઈએ.

IX. ઈએસઆઈસી એ આવરી લીધેલ વિસ્તારના એકમોને કાયદાના ફાયદાઓ અને કાયદાના ઉલ્લંઘન માટે કાનૂની કાર્યવાહી વિશે શિક્ષિત કરવા જોઈએ.

## ઉદ્યોગ માટે ભલામણો –

I. ઉદ્યોગ સંગઠન હોય કે સીરામીક એસોસીયન તેને તમામ સભ્યોને તેમના તમામ કામદારોને ઈએસઆઈ કાયદા, પીએફ કાયદા અને અન્ય શ્રમ કાયદાઓ જેમ કે વેતન ચુકવણી કાયદા અને લઘુત્તમ વેતન કાયદા હેઠળ આવરી લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

II. સેબી રેગ્યુલેશન, ૨૦૧૫ની જોગવાઇ અનુસાર શેર બજારમાં લીસ્ટેડ ઉપરની ૧૦૦૦ કંપનીઓએ પોતાના વાર્ષીક અહેવાલમાં બીઝનેસ રીસ્પોંસીબીલીટી એંડ સસ્ટેઇનીબીલીટી રીપોર્ટ જોડવાનો થાય છે તેને ધ્યાનમાં રાખવાની જરુર છે.

III. યુરોપીયન યુનીયન દ્વારા કોર્પોરેટ સસ્ટેઇનીબીલીટી ડ્યુ ડેલીજંસ ડાયરેક્ટીવ નામનો કાયદો અમલમાં મુક્યો છે. યુરોપના દેશો સાથે વેપાર કરનાર કંપનીઓને તે લાગુ પડે છે જેમાં કંપનીઓએ માનવ અધીકારો અને પર્યાવરણ પર પડતી અવાળી અસરોનો ઉકેલ લાવવાનો છે.

IV. ભારતની સુપ્રીમ કોર્ટે સીલીકોસીસ અંગેની જાહેર હીતની અરજીમાં પોતાનો ચુકાદો આપેલ છે તેમજ રાષ્ટ્રીય માનવ અધીકાર પંચે પણ સીલીકોસીસ અંગે પોતાની સમક્ષ આવેલી ફરીયાદોમાં ભલામણો કરેલ છે.

## કામદારો માટે ભલામણ -

જ્યારે તેઓ ઈએસઆઈ અને પીએફ કાયદા હેઠળ નોંધણી કરાવી રહ્યા હોય ત્યારે તેઓએ નોકરીદાતાને સહકાર આપવો જોઈએ.

# પરિશિષ્ટ - I પ્રશ્નાવલી

PTRC PEOPLES TRAINING & RESEARCH CENTRE
43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA - 390 007
Telefax - 0265 - 2345576, Email : ptrcvdr@yahoo.co.in, Website : www.peoplestraining.org

**ઈ.એસ.આઇ. સર્વે ફોર્મ**

નામ :

ઉમર :

લીંગ : પુરુષ / સ્ત્રી

સરનામું (હાલનું) :

સરનામું (કાયમી) :

સંપર્કની વીગત (ફોન નં.) :

ક્યા ખાતામાં કામ કરો છો ?

આ ખાતામાં કેટલા વર્ષ :

| એકમનું નામ ( કારખાનાનું નામ ) | એકમ સરનામું ( કારખાનાનું સરનામું ) | એકમ ઈ.એસ.આઈ નોટીફાઇડ વીસ્તારમાં છે? હા કે ના | કામ કર્યું એનો સમય ગાળો ( ક્યાં થી ક્યાં વર્ષ ) | એકમમાં કામ કરતાં કામદારોની સંખ્યા | માસીક પગાર | ઇ.એસ.આઇ. કપાય છે કે કપાતો હતો હા કે ના ? |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

પગાર પાવતી આપે છે? હા / ના

પી.એફ. કપાય છે? હા / ના

વેતન બેંકમાં સીધું જમા થાય છે? હા / ના

હાલ કે અગાઉ ટીબીની દવા લીધી છે? હા / ના

અન્ય કોઈ બીમારી હોય તો તેની વિગત :

ફોર્મ ભર્યા તારીખ:

ફોર્મ ભરનાર કાર્યકરનું નામ:

# પરિશિષ્ટ – II માહિતી આધારીત સંમતી માટેનું ફોર્મ

મને ઇ એસ આઇ અંગે થઇ રહેલા આ અભ્યાસની માહીતી આપવામાં આવી છે, તે હું સમજ્યો છું અને આ અભ્યાસમાં ભાગ લેવા મારી સહમતી છે. હું સ્વેચ્છાપુર્વક માગવામાં આવેલી માહીતી આપું છું. આપેલી માહીતી મારી સમજ મુજબ સાચી અને ખરી છે.

નોંધ : આ માહીતી કામદારોને મળતા અધીકારો અંગેનો અભ્યાસ માત્ર છે જેથી અમે આપને ખાતરી આપીએ છીએ કે આથી આપને કોઈ નુકશાન નહીં થાય.

| ક્રમ | નામ | સહી | તારીખ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |
| ૭ | | | |
| ૮ | | | |
| ૯ | | | |
| ૧૦ | | | |
| ૧૧ | | | |
| ૧૨ | | | |
| ૧૩ | | | |
| ૧૪ | | | |
| ૧૫ | | | |

i https://rogujarat.esic.gov.in/ro-sro-implemented-area

ii https://rogujarat.esic.gov.in/ro-sro-implemented-area

iii https://theprint.in/ground-reports/morbi-is-indias-undisputed-tile-champion-now-this-gujarat-town-is-eyeing-chinas-crown/1891568/

iv https://www.newindianexpress.com/nation/2023/Feb/20/patients-with-silicosis-are-4-times-more-likely-to-get-tb-says-icmr-2549076.html

v https://www.pib.gov.in/PressReleasePage.aspx?PRID=2114549


ESI awarenes meeting
with ceramic labour






ESIS
કામદાર મિત્રો......